Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૨૭ · તા. ૨૮ જૂન થી ૦૪ જુલાઈ ૨૦૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## જ્ઞાન અને તપનો અનોખો સંગમ શ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા





અચલગચ્છી યુવા સાધુઓમાં જ્ઞાન અને તપ બન્ને તરફની રુચિ રાખતા તેમજ ૧૦ વિધ્વતાપુર્ણ પુસ્તકો - ૪૦ પ્રવચનોની સીડીથી જાણીતા બનેલા પ્રવચનકાર યુવામુનિ ગુણવલ્લભસાગરજી મ.સા.ની દીક્ષાને ૧૦ વર્ષ પુર્ણ થયા તે નિમિત્તે હૈદ્રબાદમાં શ્રી ચારિત્રરત્ન ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી અનુમોદના કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

મુળ કચ્છ બગડાના ચેંબુરમાં રહેતા તથા કર્મભુમિ ભાંડુપમાં દીક્ષા લેનારા મુનિ ગુણ વલ્લભ સાગરજી અચલગચ્છાધિપતિ પ.પૂ. આભ ગુણોદયસાગર સૂરીશ્વરજીના હાથે દિક્ષિત છે. તેમને આ.ભ.કલાપ્રભ સાગર સુરીશ્વરજીના આશિર્વાદ છે. તેમની શિક્ષા પૂ. સર્વોદય સાગર સૂરીજીના માર્ગદર્શનમાં મુનિશ્રી ઉદય રત્ન દ્વારા સપન્ન થઈ છે.

**અષાઢી બીજથી શરુ થતા કચ્છી નવા વર્ષ ની નવપલ્લવિત કરતા વર્ષા જેવી શુભકામના.**
**- પ્રકાશ સમીક્ષા પરિવાર**

## વિનમ્રતાની મુર્તિ સમા પૂ. મુનિરાજ શ્રી વિનમ્રશીલ વિજયજી મ.સા.નો સમાધિપુર્વક કાળધર્મ



તપગચ્છ સંઘમાં દીક્ષાલઈ ઉગ્રતપશ્ચર્યાથી જાણીતા થયેલા.ક.દ.ઓ. સપુત્ર મુનિરાજ વિનમ્રશીલ વિજયજી મ.સા. તા. ૫.૬.૧૪ના કાળધર્મ પામ્યા. કચ્છ વરાડિયાના લક્ષ્મીબેન હંસરાજ વીરજી ડાઘાના કુલદિપક વીરચંદભાઈનો જન્મ તા. ૧૦.૦૩.૧૯૪૬ના રોજ રાયપુર મુકામે થયો.

કચ્છ જખૌના શ્રી રાયચંદ દેવશી ખોનાની પુત્રી જયલક્ષ્મી સાથે લગ્ન વ્યવસાય ટેક્સ - કન્સલટન્ટ) નો પણ ધંધામાં પોતાના નીતિ નિયમોમાં પાકા.

પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના. પ્રવચન શ્રવણ વાંચન આદિથી પ્રભાવિત થઈ. તા. ૧૦.૫.૨૦૦૮ શનિવારે સુપુત્રી જીજ્ઞાબેન B.E. (Ele.) સાથે અમદાવાદ પાલડી મુકામે ચારિત્રગ્રહણ કર્યુ.

છ વર્ષના ટૂંકા પર્યાપમાં ૫૦૦૦થી વધૂ કિ.મી.નો વિહાર, માસક્ષમણની ઉગ્ર તપસ્યા, નવપદની ઓળી, વીશસ્થાનક તપની ૨૩ ઓળી, જ્ઞાનપંચમી, પોષદશમી વગેરે વિવિધ ઉત્કૃષ્ટ આરાધના કરી. પોતાની નાની પુત્રી ચિ. તોરલબેન (સી.એ) ને પોતાના હાથે ઓઘો આપ્યો. ગુણોથી ટૂંકા સંયમ જીવનમાં ઘણું મેળવી લીધું.

ગુરુવાર તા. ૫.૬-૨૦૧૪ના સમાધિપુર્વક કાળધર્મ પામ્યા.

તેમના સંયમ જીવનની ગુણરાશિની અનુમોદનાર્થે ત્રિદિવસીય જિનભક્તિ મહોત્સવની આયોજન કરવામાં આવેલ. જેમાં તેમનો સાંસરિક પરિવાર પણ સહભાગી થયો.

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 27/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# તમારા જીવન સંબંધી પસંદગીઓ સભાનતાથી, શાણપણથી અને પ્રમાણિકતાથી કરો: ખુશાલી પસંદ કરો

**અલ્પા ગૌતમ ધરમશી (બેંગલોર) પહેચાન કાઉન્સીલીંગ :**
**તમે તમારી જાતને પામી શકો તેમાં સહાય રૂપ થવાનું અભિયાન.**
**alpagd@gmail.com / Mob.: 09591279036** *(સાંજે ૫ થી ૯)*

મને હંમેશા જે માર્ગે માત્ર વિરલા જ જતા હોય એ માર્ગની યાત્રા કરવાનું ગમ્યું છે.

વૃદ્ધો સાથે સમય વીતાવવા અને તેમને માટે સુવિધાનો સ્ત્રોત બનવાની ઈચ્છા મને એવી કારકિર્દી ભણી દોરી ગઈ કે જ્યાં મને કેન્સર સાથે જીવન મરણનો સંઘર્ષ કરી રહેલા કે સતત અંતકાળ તરફ સરી રહેલા દરદીઓ સાથે સમય વિતાવવાનો હોય. વૃધ્ધોને સહાયરૂપ થવાનો આ ભાવાવેશ વ્યવસાય તરીકે ય ઠીક ઠીક ચાલ્યો છે. આ જીવન માટે ખરાખરીનો સંઘર્ષ કરનારા પાસેથી મને મેં સલાહકાર તરીકે તેમને જે કાંઈ આપ્યું તેનાથી ઘણું ઘણું વધારે મળ્યું છે.

પણ આજે મને લાગે છે કે એમની સાથે રહીને હું શું શીખી તેની વાત સૌની સાથે વહેંચવી જોઈએ. મારા દરદીઓ મોટે ભાગે પથારીવશ થયેલા કે અંતકાળ નજીક હોય તેવી દયનીય સ્થિતિવાળા હોય છે. આપણે ફિલ્મોમાં જોઈએ છીએ તેવા સુખાંતને બદલે આ વાસ્તિવિક જીવનનો અંત પીડાદાયી હોય છે.

સ્વંયસેવિકા તરીકે મેં જોયું છે કે લોકોને જ્યારે પોતાના જ દેહાંતનો સામનો કરવાનો આવે છે ત્યારે તેઓ ખરા અર્થમાં પરિપક્વ બને છે. હું અનુભવે શીખી છું કે કોઈની ય વૃધ્ધિ પામવાની ક્ષમતાનો ક્યારેય ઓછો અંદાજ ન આંકવો. દેહાંતનો સામનો કરનારાઓમાં આવતા કેટલાક ફેરફારો અસાધારણ હોય છે. મૃત્યુ તરફ જતી દરેક વ્યક્તિ નકાર, ભય, ગુસ્સો, પસ્તાવો, વધુને વધુ નકાર અને ધીમે ધીમે અનિવાર્ય મૃત્યુનો સ્વીકાર જેવી ઘણી બધી લાગણીઓના પૂર અનુભવે એ સમજી શકાય તેવી વાત છે.

દરેક દરેક દરદી, તે યુવાન હોય કે વૃદ્ધ, ચિરવિદાય પહેલાં પોતાની શાંતિ મેળવે છે. કેટલીક બાબતે ખેદની લાગણી બધામાં સમાનરૂપે જોવા મળે છે. તેઓ ઝંખે છે કે તેમને લોકોની અપેક્ષા પ્રમાણે નહીં પણ પોતાની રીતે જીવવા મળ્યું હોત તો સારું થાત. મોટા ભાગના દરદીઓમાં આ ફરિયાદ સર્વ સામાન્ય રીતે જોવા મળી.

વ્યક્તિને જ્યારે પ્રતીતિ થાય કે હવે તેનું જીવન પૂરું થવામાં છે ત્યારે તે પાછલા જીવન તરફ દૃષ્ટિ કરે છે અને આશ્ચર્ય અનુભવે છે કે કેટલા બધા સપનાં જોયેલાં જે અધુરાં જ રહી ગયાં. ગંભીર માંદગીથી પીડાતો બાળક વિચારશે કે મને આખાય જીવનમાં નતો રમવા મળ્યું કે ન શાળામાં જવા મળ્યું. માતા વિચારશે કે મેં મારા બાળકનું લાલન પાલન પૂરું નથી કર્યું ત્યાં વિદાયની વેળા કેમ આવી ગઈ? પતિ - પિતાને થશે કે મેં મારા સંતાનો અને પત્ની માટે બચત પણ નથી કરી, મારા

ગયા પછી તેઓ કેવી રીતે આજીવિકા ચલાવશે? વૃધ્ધ વિચારશે કે મારા કુટુંબનું શું થશે? તેઓ મારી સારવાર માટે ગીરવે મુકાયેલ જમીન છોડાવી શકશે ખરા? એક પ્રેમાળ પિતા વિચારશે કે મેં મારાં સંતાનના શિક્ષણ માટે બચાવ્યું તો છે પણ એ મારી સારવાર પર કેમ વેડફી શકું?

મોટા ભાગના લોકોએ એમના અડધા શમણા પણ સાકાર નથી કર્યા હોતા અને ત્યારે તેમને એવી જાણકારી સાથે મરવું પડે છે કે જીવનમાં જે થયું તે તેમણે અમુક પ્રકારની પસંદગી કરી કે ન કરી તેને કારણે થયું.

એક સિગરેટ - બીડી પીનારો કહેશે કે મેં મારી જિંદગી ધુમાડામાં ઉડાડી દીધી તેમજ મારા બાળકોના ઉછેરના દિવસો અને મા - બાપના છેલ્લા દિવસોમાં એમનાથી અળગો રહ્યો.

આ બધા વિવિધ અનુભવો જોતાં મારો નિષ્કર્ષ એ છે કે જીવન શૈલીને સરળ બનાવી તથા એ દિશામાં સભાન પસંદગી કરીને તમે ધારતા હો તેટલી આવકની જરૂર ન પડે તેવી સ્થિતિ સર્જી શકો છો અને તમારા જીવનમાં વધુ અવકાશ ઊભો કરીને તમે ખુશહાલ અને તમારી જીવન શૈલીને અનુરૂપ નવી વધુ તકોને આવકારનારા બની શકો છો.

ઘણા લોકો બીજાઓ સાથે શાંતિ જાળવવા પોતાની લાગણીઓને દબાવે છે પરિણામે તેઓ એક દંભી જીવન પામે છે અને તેઓ ખરેખર જે બનવાની ક્ષમતા ધરાવતા હતા તે ક્યારેય બનતા નથી. ઘણા લોકો તેમણે એ દંભી જીવનને કારણે સંઘરેલી કડવાશ અને રોષની લાગણીને પરિણામે થતી માંદગીના શિકાર બને છે. આપણે બીજાના પ્રત્યાઘાતો પર અંકુશ ન રાખી શકીએ પણ કમ સે કમ એ બાબત પ્રમાણિકતાથી બોલી તો શકીએ.

લોકો ઘણે ભાગે તેમના અંતકાળના અઠવાડિયાઓ સુધી પણ જુના મિત્રો હોવાના ફાયદા સમજી શકતા નથી અને આવે વખતે

**અગત્યની સુચનાઓ**

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુજ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

# કાઘા તથા ખોના પરિવારનું ગૌરવ

## S.S.C. માં પાસ થયાના હાર્દિક અભિનંદન



**S.S.C.**
**Mah. Board**
**93.60%**

**ચિ. રીઆ દિપક ડાઘા** (વરાડીયા - મુલુંડ)

સર્વે પરિવારજનો તરફથી રીઆ ભવિષ્યમાં ઉત્તરોતર પ્રગતિ કરે તે માટે હાર્દિક શુભેચ્છા....

શુભાશિષ :

દાદી - દાદા : સ્વ. રમીલા ઉત્તમચંદ ડાઘા (વરાડીયા)
માતા - પિતા : અ.સૌ. ધારીણી દિપક ડાઘા (વરાડીયા)
મોટા ભા-ભાભી : ગં.સ્વ. દર્શના અતુલ ડાઘા (વરાડીયા)
મોટા ભા-ભાભી : અ.સૌ. અલકા ચેતન ડાઘા (વરાડીયા)
ભાઈ - બહેન : ચિ. વ્યોમ - ચિ. નંદીની - ચિ. સુપ્રિયા
ફઈ - ફુઆ : અ.સૌ. સરોજ નીતીન લોડાયા (સુથરી)
નાની - નાના : અ.સૌ. વિજયાબેન શામજી ખોના (સુથરી)
મામી - મામા : અ.સૌ. હેતલ વિપીન ખોના (સુથરી)

**With best Wishes From : Vyom Jewels**

શ્રી શાંતિનાથાય નમઃ

# દંડ પરીવારનું ગૌરવ

અભિનંદન



અભિનંદન

**ડૉ. કુ. દર્શિતા વિરચંદ દંડ,** મુલુંડ-કોઠારા

B.P.Th.

*તે પાર પાડ્યું ઉંચુ નીશાન - ખૂબ વધારી પરિવારની શાન,*
*ગામ-કુટુંબ નો ગૌરવ સમાન, કરીએ તારું અનમોલ સન્માન*

એમ.જી.એમ. મેડિકલ કોલેજ, કામોઠે-નવી મુંબઈથી **ફીઝીયોથેરપીસ્ટ**ની ડિગ્રી મેળવી, હાલ રીફલેક્સ ફીઝીયોથેરપી અને રીહેબીલીટેશન સેન્ટર સાથે સંકળાયેલ દંડ કુટુંબની વહાલના દરીયા સમી દીકરી **દર્શિતા...** તારી સફળતાએ ઉભરાઈ રહ્યા છે આનંદથી સૌના દિલ તું આવીજ રીતે પોતાના જીવનના બધાજ ધ્યેય પાર કરતી રહે અને ઉત્તરોત્તર પ્રગતિના શિખર સર કરતી રહે એવા અમે સૌ ફઈબાના અંતરના આશિષ.

હાર્દિક શુભેચ્છા

| | |
|---|---|
| મુરબાઈ રાયચંદ લોડાયા | ઉષાબેન હીરાચંદ લાલકા |
| હીરાવતીબેન તિલકચંદ લોડાયા | મંજુલાબેન વિનોદ લોડાયા |
| ભારતીબેન ભાગચંદ જૈન | અનિતાબેન ભરત લોડાયા |

# દંડ અને મોતા પરિવારનું ગૌરવ




**કુ. તનવી ભરતકુમાર દંડ**

(બુરહાનપુર - વરાડીયા)

**B. Com (Hons)**
**Best Student of the year 2014**
**Dance Drama Group - 2nd Prize in College**
**College House Captain 1st Prize**

સહુ પરિવારજનો એના ઉજ્વલ ભવિષ્યની શુભકામના સાથે અભિનંદન આપીએ છીએ.

દાદાણા : શ્રી દેવસીભાઈ કલ્યાણજી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા)
કચ્છ રત્ન શ્રી નરસીભાઈ જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા)
નાનાણા : શા. વાલજી અરજણ મોતા પરિવાર (વાંકુ -ભોપાલ)
માતા - પિતા : સૌ. ચેતના ભરતકુમાર દેવસીભાઈ દંડ (બુરહાનપુર)
મોટા માતા - પિતા : સૌ. જાસ્મીન ઉતમચંદ્ર દંડ મલકાપુર

|| અનંદલબ્ધીનિધાનાય ||   || શ્રી શાંતિનાથાય નમઃ ||   || શ્રી ગૌતમસ્વામીને નમઃ ||



# શ્રી મહારાષ્ટ્ર રાજ્યે ખાનદેશ વિભાગે શ્રી પારોલાતીર્થની પવિત્ર ધરાઉપર

વિશ્વશાંતીદાયકત્રિલોકનાથ

## શ્રી શાંતિનાથજિનપ્રસાદે

## મહામંગલકારી ચાર્તુમાસ પ્રવેશ તથા પર્યુષણ પર્વ આરાધના

**સ્નેહસભર સાદર આમંત્રણ**

વ્હાલભર્યા વધામણા
પ્રેમે કરજો પધરામણા....

શ્રી સંઘ/નવકારમંત્ર આરાધકશ્રી.

પ્રણામ / જય જિનેન્દ્ર !

સહર્ષ જણાવવાનુ કે, શ્રી દેવગુરૂધર્મની કૃપાથી, અમારા સંઘના પુણ્યોદય તેમજ
શાસનસમ્રાટ ભારત દિવાકર અચલગચ્છાધીપતી **પ.પૂ.આ.ભ. ગુણસાગરસુરીશ્વરજી મ.સા.** ની દીવ્યકૃપા.
અચલગચ્છાધીપતી તપસ્વીરત્ન **પ.પૂ.આ.ભ. ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.** ની અસીમ કૃપા તથા આજ્ઞાથી શ્રીસંઘને
**પ.પૂ. સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.** ના શિષ્યા

## પ.પૂ. સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.

**પ.પૂ. સાધ્વીશ્રી દિવ્યદર્શનાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી હર્ષવંદનાશ્રીજી મ.સા.**

આદી ઠાણા ૩ ચાર્તુમાસનો

શ્રી પારોલા તીર્થમાં શ્રીસંઘને ચાર્તુમાસનો લાભ મળેલ છે. પૂજ્યશ્રીઓનુ ચાર્તુમાસ પ્રવેશ
**આષાઢ શુદ ૮ ને શુક્રવાર તા. ૪/૭/૨૦૧૪ ના શુભ દિવસે સવારના ૮.૩૦ વાગે**
શનિમંદીર અમલનેર રોડ થી વાજતે ગાજતે પૂજ્યશ્રીઓનુ ચાર્તુમાસ પ્રવેશ થશે.
તો આ પાવન પ્રસંગે શ્રી પારોલા તીર્થે સહપરિવાર સાથે પધારી શાસનની શોભામાં અભિવૃદ્ધી કરવા વિનંતી.

**કાર્યક્રમ–** ૧) સામુહિક ચૈત્યવંદન, ૨) ચાર્તુમાસ માંગલીક, ૩) ચડાવા - ગુરૂપૂજન/કામળી/સુત્રવાંચન/ચારિત્રવાંચન.

### ચાર્તુમાસ ઝલક

- શ્રાવણ શુ ૫ તા. ૩૧/૭/૨૦૧૪ શ્રી નેમિનાથજી ભગવાન જન્મકલ્યાણક ઉજવણી.
- શ્રાવણ શુ ૮ તા. ૩/૮/૨૦૧૪ શ્રી પાર્શ્વનાથજી ભગવાન નિવારણ કલ્યાણક નિમીત્તે સમ્મેતશિખર ભાવયાત્રા.
- શ્રાવણ વ ૭ તા. ૧૭/૮/૨૦૧૪ શ્રી શાંતિનાથજી ભગવાન ચવનકલ્યાણક ઉજવણી.
- ભાદરવા શુ ૧૧ તા. ૫/૯/૨૦૧૪ ગુરૂણી ગુણાનુવાદ સભા સાથે સામુહીક આયંબીલ તપ આરાધના.
- ભાદરવા શુ પૂનમ પ.પૂ.આ.ભ. ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૮૩ મી જન્મદિન નિમિત્તે ૮૩ ગાથાઓનું મુખપાઠ આયોજન.

પ્રવેશનાં દિવસે આયંબિલ તેમજ એકાસણા તપસ્યા કરવાં વિનંતી.
અક્ષય નિધી તપ આરાધના
દર રવિવારે વિવિધ કાર્યક્રમો થશે.

પર્વદરમ્યાન સંગીતકાર પ્રફુલભાઇ કોચીનવાલા ભક્તીની રમઝટ જમાવશે.

**શ્રી આરાધક ભાવિકો માટે આષાઢ શુદ ૧૩ થી ભારદવા શુદ ૬ આવાસ/સાધર્મિક ભક્તી શ્રીસંઘ તરફથી વ્યવસ્થા કરેલ છે.**

..........નિમંત્રક..........

**પ્રમુખશ્રી શ્રી પારોલા ક.દ.ઓ. શ્વેતાંબર મુર્તિપૂજક જૈન સંઘ. પારોલા**
**તેમજ કાર્યવાહક કમેટી તથા ટ્રસ્ટ બોર્ડના સભ્યોના બહુમાન પૂર્વક જયજિનેંદ્ર વાચશોજી**

..........શુભસ્થળ..........
**શ્રી શાંતિનાથજી જૈન દેરાસર**
રથ ગલ્લી, પારોલા–425 111 જિ. જલગામ ☎ 02597 - 292449

મુંબઇ નાગપૂર હાયવે ઉપર સ્થિત પારોલા તિર્થ જલગામ થી ૬૦ કિ.મી.
ધુલિયા થી ૩૬ કિ.મી. અમલનેર થી ૨૦ કિ.મી. ચાલીસગામ થી ૬૦ કિ.મી.
તથા પાચોરા થી ૫૦ કિ.મી. અંતરે છે.

પ્રતીક પ્રિન્ટ (પ્રભ) પારોળા # 9423938263

હંમેશા તેમની ભાળ મેળવવાનું શક્ય નથી હોતું. કુટુંબ કે મિત્રોને માટે તેમને હક્ક હતો તેટલો સમય ન ફાળવવા કે તેમને ખુશ કરવા પ્રયત્નો ન કરવા બદલ ઊંડા ખેદની લાગણી હોય છે.

પણ જ્યારે મૃત્યુ ઉતાવળે ધસતું આવે છે ત્યારે જીવનની ભૌતિક વિગતો નકામી લાગવા માંડે છે. હવે પૈસા કે મોભો અગ્રતાના નથી રહેતા. મૃત્યુના આરે ઊભેલાઓ પોતે જેને ચાહતા હોય તેમના ફાયદા માટે કાંઈક કરી જવા ઈચ્છતા હોય છે.

સામાન્ય રીતે જોકે તેઓ ભલે બહુ બીમાર હોય તોય આખરે બધું પ્રેમ અને સંબંધો પર આવીને ઊભું રહે છે. અંતિમ દિવસોમાં એજ બચે છે: પ્રેમ અને સબંધો.

એટલે તમારા સગાં - વહાલાંને તથા તમારા બહુમૂલા સંબંધોને અવગણશો નહીં. કોઈક દિવસ એ બધા માટે ઘણું મોડું થઈ જશે.

### હું ઈચ્છું કે હું ખુશાલ રહ્યો હોત

બીજી સમાન ભાવના જે અંતકાળે વ્યક્તિ ધરાવે છે તે એ છે કે તેઓ ઈચ્છે છે કે તેઓ તેમના જીવનકાળ દરમિયાન ખુશહાલ રહી શકે. તેઓ છેલ્લી ઘડી સુધી નથી સમજી શકતા કે **ખુશી એ પસંદગી છે**. તેઓ જૂની ઘરેડો અને આદતોમાં અટવાયેલા રહે છે. મોટા ભાગના લાકોની લાગણીઓમાં તેમજ ભૌતિક જીવનમાં જે પરિચિત હોય તે અનુકુળ લાગે અને અપરિચિત હોય તે પ્રતિકૂળ લાગે ત્યાં સુધી વાત મર્યાદિત થઈ જાય છે. ફેરફારોનો ભય તેમને દંભ કરવા પ્રેરે છે પણ હૃદયના ઊંડાણમાં તો તેઓ મુક્તપણે હસવા ઈચ્છે છે.

આજનો સમાજ આપણને ભૌતિક સંપત્તિ અને સુખ પાછળ જવા મજબૂર કરે છે. આપણા દિવસો જે નાના નાના સુખના ટુકડા મળ્યા હોય તેને જાળવવામાં ખર્ચાઈ જાય છે. **ખુશાલી અંતરતલથી આવે છે, ભૌતિક ચીજોમાંથી નહીં** એ મહત્વની વાત ભૂલીને આપણે સતત રીતે નવું ઘર, નવું કામ, નવીજ કાર મેળવવા હવાતીયાં મારતા હોઈએ છીએ.

તમે જ્યારે મરણ પથારીએ હો ત્યારે બીજા તમારે વિશે શું કહેશે કે વિચારશે એ વાત તમારે માટે નકામી બની જાય છે. તમે મૃત્યુ પામો એ પહેલાં ગઈ ગુજરી ભુલી જવી અને ફરી એકવાર મુસ્કુરાવવું કેટલું અદભુત હોય!

તમે મરતા હો તો અઢળખ સંપત્તિ પણ તમને ન બચાવી શકે અને ત્યારે જ તમને પ્રતીતિ થાય છે કે તમે જીવનભર ખોટી અગ્રતાઓનો પીછો કરતા રહ્યા.

**જીવન પસંદગી છે. આ તમારું જીવન છે. એટલો પસંદગી સભાનતાથી, શાણપણથી અને પ્રમાણિકતાથી કરો: ખુશહાલીની પસંદગી કરો.**

અસ્તિત્વ ટકાવવાની મથામણમાં સૌથી સુદઢ કે સૌથી બુદ્ધિશાળી નહીં પણ પરિવર્તનને સૌથી વધુ સારી રીતે પ્રતિભાવ આપનાર જીવ ટકી રહે છે.

**સ્મરણાંજલિ**



વ્હાલા, જમાઈ, વડીલ, બનેવી,
સાથી, મિત્ર, સાઢુભાઈ
શ્રી વિનોદ રાયચંદ ધુલ્લાને....
સૌ... સૌ..... સલામ!

પંખીની જેમ તેમ ઉડી ગયા તમો,
સૂનો આપણો કુટુંબકબિલો
થઈ ગયો.
સ્મૃતિ આપની અમર રહેશે
પરતમાત્માને કરીયે અમે પ્રાર્થના.
આપનો આત્મા પામે પરમ પદ એજ અમારી અર્ચના.

લિ. આપની અમર સ્મૃતિમાં,
સ્વ. ચંદનબેન મોરારજી પોલડિયા,
મોરારજી પદમશી પોલડિયા,
જીતેન્દ્ર ભવાનજી દંડ, નીશા લહેરચંદ પોલડિયા
મિના ડાહ્યાભાઈ લોડાયા, નિલમ સોમચંદ ધુલ્લા
તિલોત્તમા મહેન્દ્ર મુનવર, દિવ્યા દિલીપ દંડ


'સેલ' 'સેલ' 'સેલ'
**પાલવ મુલુંડ**
**૧૦% થી ૪૦% સુધી ડિસકાઉન્ટ**
● બાંધણી ● ઘરચોળા
● ડ્રેસ મટેરિયલ ● બોર્ડર ● બ્લોક
પ્રિન્ટેડ ફૈબ્રિક ● ડિઝાઈનર ફુટવેઅર.
**પાલવ** : શૉપ નં-૧, ઓ- વિંગ, વર્ધમાન નગર, ભક્તિ માર્ગ, મુલુંડ (પ) મુંબઈ - ૪૦૦ ૦૮૦
ફોન: 25616842 / 25906287
Web Site: www.palav.com
સેલ દરમ્યાન રવિવારે દુકાન ચાલુ રહેશે.

નમામિ જ્ઞાતિ મૈયા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજન

કે/ઓફ: તન - મન ટ્રુર્સ, એ-૧૯, મોનાણી સદન, જે. એન. રોડ, રોડ, ભારત બેંક સામે, મુંલુડ (પ), મુંબઈ - ૪૦૦૦૮૦

**રવિવાર તા. ૦૬.૦૭.૨૦૧૪**

**અનંતસિધ્ધી નરશી નાથા એ.સી.હોલ, એલ.બી.એસ.માર્ગ, ભાંડુપ (પ).**

## જૈન લઘુમતિ : વિષય પર એક માહિતીપ્રદ, પ્રશ્નોતરી સેમીનાર

મુખ્ય વક્તા : **શ્રી હકીમ અબ્દુલ મુનાફજી** ચેરમેન : માયનોરીટી સેલ, મહારાષ્ટ્ર

**ડો. બિપિન દોશી** જૈન સ્કોલર - ફિજીશિયન

વાઈસ પ્રેસીડન્ટ : વિરાયતન, અધ્યક્ષ : જીતો માયનોરેટી સેલ

**સમય: બપોરે ૧૪.૦૦ કલાકે**

**જ્ઞાતિ મહાજન, ટ્રસ્ટ, સંસ્થાઓના અધિકારીઓ, ટ્રસ્ટીશ્રીઓ, આગેવાનો તેમજ કાર્યકર્તાઓ અને રસ ધરાવતાં તમામને પધારવા નિમંત્રણ છે. ચૌવિહારની વ્યવસ્થા છે.**

**ચાપાણી, રજીસ્ટ્રેશનની વિધી પતાવી ૧૪-૩૦ સુધી સ્થાન ગ્રહણ કરી લેવા વિનંતી, જેથી સેમિનારમાં ખલેલ ન પહોંચે**

**મહા સમિતીની સભા** સમય: સાંજે ૫.૩૦ કલાકે

**ફક્ત મહાસમિતીના પ્રતિનિધિઓ માટે**

**ટ્રસ્ટ બોર્ડની સભા:** સમય સાંજે ૭.૩૦ કલાકે

## સમ્મેલન

જ્ઞાતિ નું ૪ થું અને **સમસ્ત** મહાજન દ્વારા આયોજિત સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિનું પ્રથમ સમ્મેલન, રાયપુર, છત્તીસગઢ મુકામે **શ્રી રાયપુર મહાજન**ના યજમાનપદે, **શ્રી ક.દ.ઓ. છતીસગઢ સંઘ**ના સહયોગે સંમેલન પ્રમુખશ્રી **ચન્દ્રેશભાઈ વીરચંદ છેડા સુજાપર - રાયપુર**ના અધ્યક્ષ પદે શુક્ર, શનિ, રવિ, તા. ૨૬,૨૭,૨૮ ડિસેમ્બર -૧૪ના યોજાશે.

ઓછામાં ઓછા એક અથવા ૧૦ કુટુંબ દીઠ એક પ્રતિનિધિ આપના મહાજનથી નીમી, એમના નામ, ઉંમર, સરનામા તા. ૨૫.૧૦.૧૪ સુધીમાં કાર્યલયે મલી જાય તે રીતે મોકલી આપવા નિમંત્રણ સહ અનુરોધ છે.

**છેલ્લા દિવસે તા. ૨૮.૧૨.૧૪ના જ્ઞાતિ મેળાવડામાં પધારવા સૌ જ્ઞાતિજનોને નિમંત્રણ છે.**

સમ્મેલન દરમ્યાન જ્ઞાતિના બીજા મુખ્ય આયોજન, કાર્યક્રમ કે પ્રવૃત્તિઓ સામાન્યત નહીં જ મુકાઈ હોય એવો વિશ્વાસ છે તેમ છતાં ભૂલચૂકથી કે અજ્ઞાનથી મુકાઈ ગઈ હોય તો, આગળ પાછળ કરીએ જેથી દરેકને સહભાગી થવા અનુકુલતા થઈ રહે અને સમયની મારામારી ન રહે.

**સેક્રેટરી જનરલ : ચીમન મોતા ના વંદન**

વ.પ.સમિતિની એક સભા રવિવાર તા. ૧૫.૦૬.૧૪ના ભાંડુપ ખાતે જોય હોમ્સ ક્લબ હાઉસમાં મળી હતી.

પદાધિકારીઓએ સભાને જણાવ્યું હતું. કે સર્વ જ્ઞાતિજનોની વિગતો હાલ વેબસાઈટ પર બીટા વર્જનમાં છે. તા. ૧૫.૦૬.૧૪ પછી કોઈ પણ વિગત વ.પ.ના પ્રકાશનમાં નહીં લેવામાં આવશે. ઉપલબ્ધ વિગતો બે વર્ષ જૂની છે અત: બધી વિગતો ગામવાર પ્રતિનિધિઓ / મહાજનોને સોંપી ચકાસણી કરાશે અને સર્વ વિગતો મહિનામાં મળેથી વેબસાઈટ પર સુધારી ઓનલાઈન વર્જનમાં લેવાશે અને તે બાદ પ્રિન્ટીંગમાં જશે. ચાર / પાંચ મહિનામાં વ.પ.નું પ્રકાશન કરવાની ધારણા છે.

મોબાઈલ વર્જન પર વધુ સેવાઓ જેવીકે જન્મ, સગપણ, મીટીંગ, પહેડીની માહિતીઓ જલ્દીથી શરૂ કરવામાં આવશે. જેનું નોમીનલ શુલ્ક લેવાશે.

વ.પ.માં. કેટલાક સ્થાનિક ગામોની વિગતો સબંધિત મહાજનોના પદાધિકારીઓ દ્વારા મળેલ નથી તેથી મોડું થઈ રહ્યું છે.

બીજી સભામાં સ્થાનિક મહાજનોના પદાધિકારીઓને તેમના ગામની માહિતી અને સૌજન્ય બાબત તુરંત કાર્યવાહી કરવાની વિનંતી કરાઈ હતી. અને આગળ જતાં વેબસાઈટ ઉપરની માહિતીની ચોક્કસતા માટે મહાજનો તેમના પ્રતિનિધિઓની સેવાઓ બાબત વિગતવાર સમજાવાયું હતુ કે જેથી માહિતીઓ સમયસર મળતી રહે.

વ.પના. પ્રકાશન વેબસાઈટના ખર્ચને પહોંચી વળવા ફંડ રેઈસીંગ કમિટીની રચના કરવામાં આવેલ છે જે નજીકના ભવિષ્યમાં જ્ઞાતિજનો સમક્ષ ટેહલ નાંખશે.

હાલ સંસ્થાનું કાર્યાલય જોયહોમ્સના પરિસરમાં ભાંડુપ ખાતે ચાલે છે. તે બદલ શ્રી જયંત સોનીનો આભાર માનવામાં આવેલ.

સંસ્થાઓ / મહાજનોને તેમના ગામના / ગોત્રના / પરાંના જ્ઞાતિજનોના એડ્રેસ મળે તે માટે સેવા નક્કી થયેલ છે. સબંધિત સંસ્થા / મહાજન કે જ્ઞાતિજન દ્વારા વિનંતીપત્ર મળેથી તેમને જોઈતા સરનામાં / વિગત પૂરી પડાશે. શુલ્ક. રૂા. ૨૦૦, રૂા. ૧૧/- પ્રતિ પાનાના રહેશે.



**વિજયાબેન ચત્રભોજ વેલજી ખોના**
નલીયા - આણંદ

જીવન યાત્રા :
તા. ૧૯૩૮ - ૨૦૧૪

અરિહંત શરણ:
તા. ૧૧.૦૬.૨૦૧૪
જેઠ સુદ - ૧૩

જીંદગીથી મૃત્યુ હારી ન હતી
પરન્તુ આપની વારી આવી ન હતી...
અશ્રુઓને મુસ્કરાહટથી છુપાવશું અમે,
પણ આપને ભુલાવી ન શકીશું અમે.

શ્રધ્ધા સુમન:
માતુશ્રી જયાબેન શાંતિલાલ ચત્રભોજ ખોના પરિવાર
માતુશ્રી દમયંતિબેન હીરાચંદ ચત્રભોજ ખોના પરિવાર

શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - સુથરી
## શ્રી સુથરીવાસી જ્ઞાતિજનો જોગ

શ્રી સુથરીવાસી જ્ઞાતિજનોની સભા શનિવાર તા. ૦૫.૦૭.૧૪ ના રોજ બપોરના ૩ કલાકે શિશુકુંજ, આંબેડકર રોડ, મુલુંડ (વે), માં આગામી ચાતુર્માસ એવમ્ પર્યુષણ પર્વ તથા આવતા વર્ષે આપણા શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ જિનાલયની ૧૭૫ મી વર્ષની પુર્ણાહુતિ નિમિત્તે યોજવા ધારેલ મહોત્સવની ચર્ચા વિચારણા કરવા માટે મળશે. આ પ્રસંગે સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનો સારી સંખ્યામાં પધારી ચર્ચામાં વિગતવાર ભાગ લેવા નમ્ર વિનંતી.

**લિ. શ્રી સુથરી જૈન સંઘ - ટ્રસ્ટ બોર્ડ**

તા. ક. પ. પૂ. આ.ભ.શ્રી ગુણોદય સાગર મ.સા.ના. આજ્ઞાવર્તીની **પ.પૂ. જયકીર્તિશ્રીજી મ.સા.નો. ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ - ૨ તા. ૨૯.૦૬.૨૦૧૪ના થશે** તો સર્વેને પધારવા વિંનતી.

પર્યુષણ પર્વ તા. ૨૬.૮.૧૪ થી તા. ૩૧.૦૮.૧૪ સુથરી મુકામે ઉજવવા માટે સર્વેને સહ કુટુંબ તથા નિયાણી બહેનોને પધારવા વિશેષ આમંત્રણ છે.

# ચાતુર્માસના વધામણા
## સૌરાષ્ટ્રની રાજધાની સમ રાજકોટ નગરે શ્રી અચલગચ્છ જૈન સંઘમાં પૂ. અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞા - આશિર્વાદથી સળંગ ત્રીજું ચાતુર્માસ

પરમાત્માની અચિંત્ય કૃપાથી ગુરુદેવ શ્રી ગુણસિંધુ સુરિજીની દિવ્યકૃપાથી તપસ્વી સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ના. અંતરના આજ્ઞા - આશીર્વાદ થી શ્રીનવકાર - મહામંત્રના અનન્ય આરાધિકા પૂ. સા.શ્રી. વસંતપ્રભાશ્રીજી મ.સા.ના. સુશીષ્યા પૂ.સા.શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા., પૂ. સા.શ્રી. ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી. વ્રતરક્ષિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ નો શ્રી રાજકોટ અચલગચ્છ જૈન સંઘમાં ચાતુર્માસ નક્કી થયેલ છે. શ્રી સંઘનું દેરાસર - ઉપાશ્રય ન હોવા છતાં અનેક - અનેક પ્રતિકુળતાઓ વચ્ચે પૂ. સા.શ્રી. દેવરક્ષિતાશ્રીજીના રિસર્ચ - અધ્યયનાર્થ સળંગ ત્રીજો ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે.

પૂજ્યશ્રીનો ચાતુર્માસ પ્રવેશ તા. ૬.૭.૧૪ રવિવાર ના સવારના ૯ કલાકે શ્રી હિતેશ મહેન્દ્રભાઈ જૈનના નિવાસ સ્થાન ૨૦૧ શ્રી એપાર્ટમેન્ટ, રામકૃપા ડેરીની સામે, યુનિવર્સીટી રોડ, રાજકોટથી વાજતે - ગાજતે પ્રયાણ કરી ઉદાર - દિલ મહામના શ્રી અનિરૂદ્ધસિંહ જોડજાના ભવ્ય અલિશાન મકાન "શ્રી ગાયત્રી - પુજા" માં પગલા પ્રવેશ - મંગલાચરણ કરી બાવસન જિનાલય પધારશે. ત્યાં માંગલિક, પ્રસંગોચિત પ્રવચન, પ્રવચન બાદ વિવિધ વક્તાઓના ઉદ્‌બોધન તથા આ પુનીત પ્રસંગે સતત ત્રીજા વરસે... રાજકોટમાં પુજ્યશ્રીના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે સ્વામિ - વાત્સલ્ય, સાધર્મિક - ભક્તિનો લાભ, પુજ્યશ્રીના પરમ - ભક્ત માતુશ્રી નવલબેન મણીલાલ દંડ સેવક ભરૂડિયા હાલ મુંબઈ મુલુંડવાલાએ લીધેલ છે.

**સંગીત પાર્ટી : શ્રી પ્રકાશભાઈ વાગડીયા તરફથી છે.**
**સર્વે એ લાભ આપવા વિનંતી.**
**આપી અમારી વિનંતીને દાદ, રવિવાર તા. ૬.૭.૧૪ ને રાખજો યાદ.**
**અચલગચ્છ જૈન સંઘ - રાજકોટ**

## ચર્ચાને ચોતરે
વાચકોના સ્વતંત્ર મંતવ્યો

### ધર્મપ્રેમી પુત્રવધુ સાસરીયા બન્નો સુખદ અનુભવ કરાવે છે.

પ્રકાશ સમીક્ષાના અંક ૨૪માં સુરતનાં શ્રી પ્રવિણચંદ્ર શામજી ધરમશીનો **પુત્ર વધુ, એક, સ્વરૂપ અલગ - અલગ** લેખ વાંચ્યો. પ્રવિણ ભાઈની રજુઆત ઘણી ગમી.

પોતાના માતા - પિતા અને ઘર છોડી આવનાર પુત્રવધુએ પોતાના સાસરીયામાં એવું વાતાવરણ ઉભું કરવું જોઈએ કે પિયર અને સાસરીયા બન્ને પરિવારો એક થઈ જાય.

ઉપરોક્ત લેખથી પ્રેરાઈને જાત અનુભવ વિહીત કરવા વિના રહેવાતું નથી. મારા મોટા પુત્રવધુ ધર્મ અભ્યાસના જાણકાર છે અને મારી પણ ધર્મ આરાધનામાં રૂચી છે. દિવસમાં એક કલાક કાઢી વિધિવિધાન બાબત ચર્ચાઓ બન્ને જણ કરીએ છીએ. મારા મંતવ્યમાં કોઈ ખામી હોય તો બહુજ વિનમ્રતાથી મને સમજાવે કે **પપ્પા તમો જે જાણો છે એમાં ભુલ છે, પરંતુ સાચો માર્ગ આ છે.** તેમના પાસેથી ધર્મ બાબત ઘણું શીખવા મળે છે. માટે હું એમને મારા ગુરૂમિત્ર માનું છું. આ પણ એક પુત્રવધુના સંબંધોમાં સુખદ અનુભવ છે.

*- હંસકુમાર રાયચંદ સાયલા હૈદરાબાદ*

### દેવસ્થાનોમાં મરજી મુજબ થતી વિધિઓ

કચ્છ અને સૌરાષ્ટ્ર અનેક દેવસ્થાનોના મુખ્ય કેંન્દ્ર રહ્યા છે. સમસ્ત હિન્દુઓમાં પોતાની મોટા ભાગની કૂળદેવી તથા કૂળ દેવતાઓમાં કોઈ પ્રદેશ આવતો હોય તો તે કચ્છ અને સૌરાષ્ટ્ર છે.

આપણી ક.દ.ઓ. જૈન જ્ઞાતિના ગામોમાં પણ કચ્છ અને હાલાર આવે છે. પરંતુ હાલાર કચ્છમાંથી ગયેલ કુટુંબો હોઈ એમની અસલ કુળદેવી તથા કુળદેવતાના ગામો કચ્છમાં જ આવે છે. એ વાતનો ઘણાને ખ્યાલ નથી. આપણે આપણાં પૂર્વજો ક્યારે કચ્છથી હાલાર ગયા અને કઈ રીતે ગયા એનું આપણને જ્ઞાન નથી. ક્યારે


**દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ**

Estd.1978

માતૃશ્રી જવેરબેન ધનજી કલ્યાણજી ધરમશી ''કચ્છી ભવન'' • ૪૪/બી, ૧લો મેઈન રોડ
જે.પી. નગર, ૩જો ફેઝ, મીની ફોરેસ્ટની સામે, બેંગલોર - ૫૬૦ ૦૭૮, ફોન : ૦૮૦-૨૬૫૮૬૭૯૯
Mob : વેન્કટેશ - ૮૭૨૨૮ ૦૨૪૨૬, નરેન્દ્રભાઇ - ૮૯૭૦૦ ૪૭૪૦૦ • Fax : ૦૮૦-૨૬૫૮૬૭૯૮
E-mail : dbkdo.jainekkam@yahoo.in • WEBSITE : www.kutchibhavan.com

**આભાર ◆ આભાર ◆ આભાર**

**રૂમના દાતા : સરલાબેન જ્યોતિન્દ્ર વીરેન્દ્ર લાપસીયા નલિયા / ચેન્નઈ**

હાલ કચ્છી ભવનમાં રૂમ ૭ (સાત) માટે દાતાઓ જોઇએ છે. દરેક રૂમના નકરો રૂ.૨,૫૧,૦૦૦/- આ માટે જ્ઞાતિનાં ભાઇ-બહેનોને નમ્ર વિનંતી છે કે આ કાર્યમાં આગળ આવે. આવો અમૂલ્ય અવસર બીજી વાર મળશે નહીં.



**લિ. દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ વતી**

| પ્રમુખ : | માનદ્ મંત્રી : |
|---|---|
| ખુશાલચંદ ધનજી શાહ (ધરમશી) | સતીશ દેવજી શાહ (મૈશેરી) |
| મોબાઈલ : ૯૮૪૪૦-૦૨૩૦૦ | મોબાઈલ : ૯૮૪૫૦-૪૯૦૦૦ |

Note : જ્ઞાતિનાં ભાઇ-બહેનોને માલૂમ થાય કે KUTCHI BHAVANમાં હોલ બુકિંગ તથા બહારગામથી આવનારને રૂમ બુકિંગ માટે વેંકટેશ MOB: 87228 02426 તથા નરેન્દ્રભાઇ : 89700 47400 તથા ઉપર મુજબ ઓફિસ નંબરનો Contact કરશો. જ્ઞાતિનાં ભાઇ-બહેનોને ખાસ કન્સેશનમાં આપવામાં આવે છે.

# બે પંક્તિનો મર્મી કવિ 'તેજ'

***'પિંઢજેં કે પિંઢજી લગે, પરુકેં કે નોલી***
***તેડી આય 'તેજ' ચેં બાબાણી બોલી''***



બાબાણી બોલીની છેલ્લા પચાસ વર્ષથી અખંડ સાધના કરી કચ્છી કાવ્ય સાહિત્યમાં અનેરું પ્રદાન કર્યું હોય તો તે છે કવિ 'તેજ'. કચ્છી સાહિત્યનાં પ્રખર વિવેચક શ્રી પ્રભાશંકર ફડકે 'તેજ'ના સાહિત્યનો બિરદાવતાં લખે છેઃ

શ્રી દુલેરાય કારણીએ કચ્છી લોક સાહિત્ય અને રાજવી સાહિત્યની સેવા કરી, રાજ્યનાં આશ્રયે. પણ પાંચ ચોપડી માંડ ભણેલા આ કવિએ (તેજ) એવી કવિતા સર્જી છે જે વિશ્વવિદ્યાલયના પદવીધારીઓની ઈર્ષાને પાત્ર બને. કચ્છી માડુંના સર્વ ભાવ સંવેદન સરળ બાનીમાં આ કવિની કવિતામાં વ્યક્ત થયાં, એટલાં યથાતથ બીજા કોઈ કવિમાં થયા નથી. બળુકી, તળપદી, જાડેજી કચ્છી આ કવિનાં સર્જનમાં સોળે કળાએ પ્રગટ થઈ છે.

૧૧ મી જુલાઈ ૨૦૧૪ના રોજ કવિ 'તેજ' ૭૭માં મંગલ વર્ષમાં પ્રવેશ કરશે. જેમાના નામે ૩૩ પ્રકાશનો ચોપડે જમા થયા છે અને તે પણ વિવિધ વિષયો પર તેમનો જન્મદિવસની વધાઈ આપવા કવિશ્રી 'તેજ' મિત્ર વર્તુળ તરફથી તેજોત્સવ કાર્યક્રમ દિનાંક ૧૩ જુલાઈ ૨૦૧૪ના રોજ કચ્છ માંડવી ખાતે ઉજવાશે.

આ કાર્યક્રમમાં તેજના સાહિત્યની રસલ્હાણ કરાવશે કચ્છ વિદ્યાપીઠનાં પૂર્વ કુલપતિ ડો. કાન્તી ગોર 'તેજ'ની કવિતામાં માનવતા દર્શન) અને કચ્છી કવિતામાં ગઝલ સમ્રાટ શ્રી રવિ પેથાણી તિમ્મર 'તેજ'ની કવિતામાં પ્રકૃતિ દર્શન)

આ કાર્યક્રમમાંજ પ્રકાશ - સમીક્ષામાં છપાયેલ મરમ જા મોતીના બાવન મણકાનું સંપાદિત પુસ્તક **'તેજ' બાવની** નું વિમોચન કરવામાં આવશે. આ પુસ્તકની પ્રસ્તાવના શ્રી મદનકુમાર અંજારિયા **ખ્વાબ** એ લખી આપેલ છે.

આ કાર્યક્રમમાં આશીર્વાદ આપવા ખાસ પ.પુ. મહોપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ.સા. જેમને કવિશ્રી તેજના કેટલાક ચુંટાયેલા મુકતકોનો અંગ્રેજીમાં ભાવાનુવાદ કરી Rays of Hope પ્રગટ્ કરેલું, તેઓ પધારશે.

આ કાર્યક્રમ દિનાંક ૧૩ જુલાઈ રવિવાર સવારનાં ૯.૦૦ કલાકે રોટરી હોલ, ભુતડાવાડી - માંડવી ખાતે યોજાશે. સૌને પધારવા કવિ તેજ મિત્ર વર્તુળ તરફથી સ્નેહભર્યું આમંત્રણ છે.

**સ્નેહભર્યું આમંત્રણ**

**પ.પૂ. મહોપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ.સા.ની**
**નિશ્રામાં કવિ ''તેજ''ના સાહિત્યની રસલ્હાણ**

**''તેજોત્સવ''**

**-: વક્તાશ્રીઓ :-**

ડો. કાન્તિ ગોર 'કારણ'
શ્રી રવિ પેથાણી 'તિમિર'
શ્રીમતી ભારતી ગોર
શ્રીમતી નીતા જોષી
શ્રી હરીશ દરજી 'કસભી'

**''તેજ બાવની''**

**પ્રકાશ સમીક્ષામાં પ્રસિદ્ધ થયેલ સોમ ધરમશી દ્વારા**
**કવિ તેજના ''મરમ જા મોતી''ના બાવન મણકાનો**
**આસ્વાદ કરાવતા પુસ્તકનું વિમોચન**




**દિનાંક ૧૩/૦૭/૨૦૧૪ને રવિવારના**
**સવારે ૦૯=૦૦ કલાકે.**

**-: કાર્યક્રમનું સંચાલન**
**ડો. રમઝાન હસણીયા**

-: સ્થળ :-
રોટરી હોલ, ભૂતડાવાડી,
નુતન સ્વામીનારાયણ મંદિર પાસે,
માંડવી-લાયજા રોડ, માંડવી-કચ્છ.

--:: આમંત્રક ::--
કવિ 'તેજ' મિત્ર વર્તુળ


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ,
દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

**સંપર્કઃ દિનેશ દેઢિયા - 92234 25676**

આપણે એ બાબતે સંશોધન પણ કરેલ નથી અને વિચારેલ પણ નથી.

હમણાં હમણાં છેલ્લા દાયકામાં આપણે કૂળદેવી અને કૂળદેવતાના મંદિરો જે જર્જરિત હાલતમાં હતા એને ફરી જીર્ણોદ્ધાર કરી કૂળદેવી કે કૂળદેવતાના ફરયું કે મૂર્તિઓ જો ખંડિત હોય તો નવી બનાવી પ્રાણ પ્રતિષ્ઠા કરીએ છીએ. જો એમના ભુવાઓ ન હોય તો ભૂવાઓની પણ સ્થાપના કરે છે.

ભૂવાઓની સ્થાપના વખતે આપણે એ દેવસ્થાનને નમતા સર્વે ભાવિકો હાજર થઈ એની વિધિમાં ભાગ લઈ જે ભૂવાઓ થાય એમની તિલક વિધિ પતાવી આપને ફરી પોતાના રહેઠાણે જવા નીકળી જઈએ છીએ, ફરી વર્ષે કે ત્રણ વરસે એમની ગંધી (બાનુ) બદલાવવાનું હોય ત્યારે ભેગા મળીએ છીએ.

પરંતુ હમણાં મને જાણવા મળ્યું છે કે મુંબઈ કે દેશ દેશાવર વસતા આપણા જ્ઞાતિના ભાઈઓ જે કૂળદેવી કે કૂળદેવતાને માનતા હોય તેમણે જે દિવસે ભુવાની સ્થાપના થયેલ હોય એ દિવસ એમની વર્ષે કે ત્રણ વર્ષે એટલે કે પહેલી ગંધી વર્ષે અને ત્યારબાદ દર ત્રણ વર્ષે ગંધી બદલાવવાની હોય તે પહેલી ગંધી વરસની હોય કે ત્રણ વર્ષની હોય પણ પોતાની સગવડે જે દિવસે ગંધી બદલાવવાની હોય તે દિવસે નહીં પણ એ ભાવિકોને અનુકુળ હોય કે પછી ગામમાં કોઈ મહોત્સવ હોય એમાં હાજરી જરૂરી હોય ત્યારે આવી ગંધીનો દિવસ જતો કરી જ્યારે કચ્છ આવે ત્યારે ગંધી બદલવાનો રિવાજ ચાલુ થયેલ છે જે કેટલે અંશે યોગ્ય કહેવાય? આપણને જ્યારે ખબર પડે ત્યારે એમને પુછીએ કે આ કેમ ચાલે તો કહેશે કે અમને કાંઈ ખબર નથી. પણ અમોએ ફલાણાં ભુવાને પુછતાં એમણે રજા આપેલ છે. તો કઈ રીતે રજા આપવામાં આવી તે સમજાયું નહીં.

મારા મતે આ કોઈ પણ સંજોગોમાં દિવસ બદલી શકે નહીં, સિવાય કે એ ભૂવાને પોતાને અડચણ આવી હોય અને સૂતક કે છલ્લો નડે તોજ એ દિવસને બાદ કરી શકાય. નહીં તો ફક્ત ભુવા સાથે કોઈ પણ કુટુંબીજન આવીને ગંધી બદલાવી શકે.

હજી ઘણી બધી વિગતો દેવસ્થાનો વિશે જાણવા મળેલ છે અને પ.પૂ. શ્રી ભલારાદાદાના પાઠ વિશે પણ ઘણી માહિતિઓ છપાવી પ્રસિધ્ધ કરવી એ પણ એક દોષ છે એની પણ માહિતી સમયાન્તરે આપને જણાવતાં રહેશું.

***ભુવા કિશોરભાઈ જીવરાજ સાંયા***

ભુજ - ૧૦.૬.૧૪.

**શ્રી અંબેમાં ધરમશી પરિવાર સુથરીની સર્વ સાધારણ સભા**

રવિવાર તા. ૧૩.૭.૨૦૧૪ના બપોરે ૪.૦૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ (દેવપુંજ) વાલજી લધા રોડ, મુલુંડ (વે), મધ્યે રાખેલ છે. તો દરેક ભાવિકોને સમયસર હાજર થવા નમ્ર વિનંતી.

શ્રી સુથરી નગરે શ્રી ધરમશી પરિવારનાં કુળદેવી શ્રી અંબેમાંની પંદરમી વર્ષગાંઠ તા. ૩.૧૧.૧૪ થી તા. ૬.૧૧.૧૪ સુધી ઉજવવામાં આવશે. તો સર્વે ભાવિકો તથા નીયાણી બહેનો સહ પરિવાર સહિત કચ્છ જવા માટે તા. ૧.૧૧.૧૪ તથા મુંબઈ આવવા માટે તા. ૭.૧૧.૧૪ ની ટિકીટ કઢાવી લેશોજી.

**લિ : શ્રી અંબેમાં ધરમશી પરિવારના**

**જય માતાજી**

**નમ્ર સુચન**

પ્રાર્થના સભામાં મહાજનશ્રી વતી સ્વર્ગસ્થના પરિવારને શોકસંદેશા - શ્રધ્ધાંજલિ શબ્દો મોકલવામાં આવે છે, જે અત્યંત આવકાર્ય છે. મહાજનશ્રીનો લેખીત સંદેશ - મહાજનશ્રીના પ્રતિનિધિ સ્વર્ગસ્થ પરિવાર વડાને આપી, સભામાં હાજર રહે. સંદેશાનું વાંચન સ્ટેજ ઉપર માઈકમાં અગર પ્રાર્થના ભણાવનાર મંડળ જે કોઈ બોલનાર હોય તેઓ જ વાંચન કરે જે ઈચ્છનીય છે.

***- રામજી લાલજી ખોના,***

*નલીયા - અનંતછાયા*

# અનુમોદના - અભિનંદન - અભિનંદન

શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રયના ટ્રસ્ટીઓ સર્વ શ્રી પંકજ કેશવજી ધરમશી, અશોક મણિલાલ દંડ, સુનીલ માણેકજી લોડાયા, જીવરાજ કિલાચંદ નાગડા, ભૂપેન્દ્ર લખમશી લોડાયા, નવીનચંદ્ર રતનશી શાહ, મનોજ ભવાનજી ખોના એ જાણે સુપાર્શ્વનાથ દાદાની પુર્ન પ્રતિષ્ઠા-અંજન શલાકા મહોત્સવની ઉજવણી વખતે નક્કી જ કરી રાખ્યું હતું કે,

**'ન ધરા સુધી, ન ગગન સુધી, નહી ઉન્નતિ, નહી પતન સુધી.**
**આપણે તો જાવું છે અહીં, બસ... એક-મેકના મન-દીલ સુધી.'**

આ શબ્દોને સાકાર કરવા તેમણે પ્રતિષ્ઠા ઉજવવા માટે મળેલ ટુંક સમયનો યોજનાબદ્ધ ઉપયોગ કરીને હાલાર પ્રદેશમાં આવેલ મોડપર ગામે જે અકલ્પનીય-અવિસ્મરણીય રીતે પ્રસંગ ઉજવ્યો, તેથી સમગ્ર હાલાર પ્રદેશના ગામોની ગરિમાને સુવર્ણ અક્ષરે અંકિત કરાવી લીધેલ છે.

પોતાના ગામ માટે સહુ કરે પણ પર ગામ માટે આજુબાજુના ગામવાસીઓએ સાથે એકજુટ થઈને **પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. ના આદેશનું પાલન કરી બતાવ્યું છે તે બેનમુન છે.** આ માટે અમો ટ્રસ્ટમંડળને હૃદયપૂર્વક ધન્યવાદ આપીએ છીએ. તેઓ ખરા અર્થમાં ધન્યવાદને પાત્ર છે. તેમની સાથે ચીમનભાઈ મોતા તથા કારોબારી સમિતિના મારા સહ સભ્યો સર્વશ્રી નરેન્દ્ર જેતશી શિયાલ, નરેન્દ્ર કુંવરજી ધરમશી, ઉત્તમ હેમરાજ લોડાયા, ભરત લક્ષ્મીચંદ દૌલત, તિલકચંદ જયંતીલાલ ખોના, ગુલાબચંદ ત્રિકમજી નાગડા પણ ધન્યવાદના સદ્ભાગી બન્યા છે. આમ દરેક રીતે આ તીર્થના વિકાસ માટે શરૂઆતથી જ શ્રી કાંતીલાલભાઈ વોરા તથા શ્રી નરેન્દ્રભાઈ નંદુએ પણ તેમનો અમૂલ્ય ફાળો આપ્યો છે તેમને પણ અમે બિરદાવીએ છીએ અને ધન્યવાદ આપી વિનવીએ છીએ કે આપ આપનો સહકાર આ તીર્થને મહાતીર્થ બનાવવા આપતા રહેશો. આ પ્રસંગે પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. આ. ઠા.૪, પ. પૂ. સા. શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા., પ. પૂ. સા. શ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા., પ. પૂ. સા. શ્રી ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા. તથા પ. પૂ. સા. શ્રી વ્રતરક્ષિતાશ્રીજી મ. સા., પ. પૂ. સા. શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા. તથા પ. પૂ. સા. શ્રી કોટીગુણાશ્રીજી મ.સા. એ નિશ્રા પ્રદાન કરેલ તેમને અમારા વંદન.

આ તીર્થના વિકાસ માટે શરૂઆતથી જ અમારા પરીવાર તરફથી તેમને મળેલ લક્ષ્મીનો સદ્ઉપયોગ કરતા રહ્યા છે. તે માટે માતૃશ્રી ઝવેરબાઈ રતનશી રાયશી લોડાયા, મોટી ખાવડી તથા સુશીલાબેન કાંતીલાલ કલ્યાણજી ધરમશી, સેવક ભરૂડીયા પરિવારના સભ્યોને પણ અભિનંદન આપીએ છીએ.

અત્રે ઉલેખ ન કરીએ તો અયોગ્ય લેખાશે જે તીર્થના વહીવટ માટે સાધારણની જરૂર પહેલા પડે છે. જેની ટ્રસ્ટ મંડળને એવમ્ શ્રી નરેન્દ્રભાઈ નંદુને ચિંતા હતી તેનો ઉકેલ **જતીન તથા અમીત બંધુ બેલડી** શ્રી નવીનચંદ્ર રતનશી લોડાયાના પુત્રોએ સ્વેચ્છાએ સંસ્થાને તેમના મા-બાપના જીવન પર્યંત માતબર રકમ દર વર્ષે ફાળવવાની જાહેરાત કરી તેના અનુસંધાનમાં સંસ્થાને દર વર્ષે બીજા ૫૦ થી ૬૦ ભાવિકોએ નાની મોટી રકમ દર વર્ષે ફાળવવાની જાહેરાત કરતાં સાધારણ ખાતાને ખૂબજ સારો બળ મળેલ છે આ રીતે તેમણે દરેક સંસ્થા માટે આ પ્રેરણાદાયક જાહેર કરી તે માટે તેમને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે. હજી પણ ભાવિકો ફુલ નહિ તો ફુલની પાંખડી દર વર્ષ માટે ચોક્કસ રકમ લખાવી પૂણ્યનું ભાથુ બાંધે એવી અપીલ કરીએ છીએ.

સાથે સાથે આ તીર્થના વિકાસ માટે તેમજ પ્રતિષ્ઠામાં હાજરી આપી ગરીમા વધારનાર સર્વે જ્ઞાતિજનોનો પણ આભાર માનીએ છીએ અને આજ રીતે તિર્થ માટે આપનું યથાયોગ્ય યોગદાન આપતા રહેશો એજ અભ્યર્થના.

લિ.

સોમચંદ ઠાકરશી ધરમશી
શ્રીમતી લક્ષ્મીબેન સોમચંદ ધરમશી - સેવક ભરૂડીયા

હંસા ભરત મુલજી લોડાયા - આરીખાણા

## સલુણી સ્વામી ભક્તિ!!

દશો વાણીઓ સિંહ થઈને જીવે, વ્યથાનું વર્ણન વદે નહીં. ના વિકથાનું કહેણ કોઈને કહે. વટ અને ખુમારીથી જીવતા આ જ્ઞાતિના નબળા પરિવારોને માઝા મુકતી મોંઘવારીએ લાચાર કર્યા છે. સહાય કે મદદ માટે હાથ લંબાબવા મજબુર થયા છે!




બૃહદ મુંબઈમાં આવા લાચાર પરિવારો સવિશેષ ડોંબિવલીમાં રહે છે. ડોંબિવલીના ભુત પુર્વ પ્રમુખ શ્રી વીરેન્દ્ર ભવાનજી લોડાયા આ વાતે માહિતગાર. સાથી કાર્યકરો સાથે એવા પરિવારોના ઘરે જઈ તપાસ કરી. તપાસના અંતે વ્યથિત થયા. કંઈક મદદરૂપ થવા કમ કસી શરૂઆત કરી પાંચ - સાત પરિવારોથી. દિલદાર દાનેશ્વરી શ્રી કલ્પેશ માણેકજી મોતા. રાપર અને વરાડીયાના શ્રી હિરાલાલ હંસરાજ ડાઘાને મદદ માટે પ્રેરણા કરતાં તેઓ શ્રીએ હામ - હિંમત - હુંફ અને આર્થિક સહાય માટે તૈયારી બતાવી. પ્રવૃત્તિને વેગ મળ્યો. જરૂરતમંદોનું વર્તુળ વિસ્તૃત થતું ગયું. હવે શું? સંપર્ક સાધ્યો પૂનામાં રહેતા માતુશ્રી નવલબાઈ નવીનચંદ ધરમશી (સુથરી - માટુંગાવાળા)નો.

એમના સંતાનો શ્રી કલ્પેશભાઈ અને શ્રી સંજયભાઈ એ સ્વ. અટકને સાર્થકતા કરતી હૈયા ધારણે અષાઢી મેઘ થઈને વરસ્યા! અને છેલ્લા ૬ વરસથી ૬ ૨ પરિવારોને સંતોષજનક અનાજની કીટ અપાય છે જેથી એવા પરિવારોને શાતા સાંપડી છે. સંપર્ક વધતા એ બંધુ બેલડીનો કરૂણા સભર કાળજાું કકળી ઉઠયું. સાથે મળીને વૃધ્ધ પેન્શન યોજનાને સાકાર કરી, મુંબઈ મહાજનશ્રીને સુચારૂ સંચાલન માટે સુપ્રત કરતાં મહાજનશ્રી આ યોજનાનો બે વરસથી કાર્યશીલ રાખી ખુબજ ચીવટ અને ચોખ્ખાઈથી ઉત્કૃષ્ટ ભાવનાએ અન્યોને તેવા નામોની ખબર ન પડે તેવી ચીવટ રાખી ગતિશીલ રાખી છે. ધન્યવાદ.

નાત સંસ્કારની આ વિરોચીત ભક્તિએ સેંકડોનાા હૈયને શોભા બક્ષી છે. હળવાશે હળવા કર્યા છે.

વૈદ્યકીય શૈક્ષણિક અને વ્યવસાયિક ક્ષેત્રે વિસ્તરેલી આ સાધર્મિક ભક્તિ આગળ બે હાથ જોડાઈ જાય ત્યારે માથાએ ઝુકી તો જવાય ને ?

**- લહેરચંદ વેલજી મૈશેરી,**
*ભાંડુપ, તા. ૧૫.૪.૧૪*

## શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટની પ્રશસ્ય કામગીરી

મેડીકલ ક્ષેત્રે મદદરૂપ બનવાના ઉમદા આશયથી પ્રવૃત્તિમાન બનેલું શ્રી નરશીનાથા મેડીકલ ટ્રસ્ટ ૨૦૧૦ થી ૨૦૧૪ સુધીમાં અનેક જરૂરતમંદ પરિવારોને રૂપિયા ૩૦ લાખથી વધુ રકમ, અણીને વખતે આપી સહયાભુત બન્યું છે. ૨૫૦ થી વધૂ માંદગીમાં પટકાયેલાને તેમની ખરી મુશ્કેલી વખતે તેમને મદદરૂપ બની તેમની આર્થિક સંકળામણ દુર કરી છે.

આ ટ્રસ્ટી મહાશયો મેડિકલ કેમ્પો યોજી, માંદગીનું વહેલી તકે નિદાન થઈ જાય, તેમ જ આરોગ્ય અંગેની વિમા કંપની સાથે ટાઈ અપ કરી ઓછા પ્રીમયમે મોટું કવરેજ મળી રહે તે માટે પણ પ્રયત્નો આદરી ટ્રસ્ટના પૈસા બચાવવાનો નેક પ્રયાસ કર્યો છે. વધુમાં વધુ કેડીઓને મેડિકલેઈમનો કવરેજ મળી રહે તે માટે રાહત દરે તેમને પ્રીમયમનો ભાર આપી સહાયભુત થયું છે જે અભિનંદનીય છે.

હા, દાતાવર્ગની પણ પ્રશંસા કરવી ઘટે. આર્થિક અનુદાન દ્વારા વ્યક્તિગત મદદની મર્યાદા આવી જાય જ. પણ ટ્રસ્ટ મારફત ઉલ્લેખનીય કાર્ય થઈ રહ્યું છે, તે જોતાં શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટને પોતાનું દાન આપી તેમના હાથ મજબુત દિલાવર દાતાઓ કરે એ જરૂરી છે.

સમિતિના ચેરમેન શ્રી પારસભાઈ મૈશેરી અને તેમની ટીમને હાર્દિક અભિનદન.

**- કુલીનકાંત ચાંપશી લુઠિયા**
*તા. ૨૦.૦૬.૨૦૧૪*

## અનુમોદનીય ઋણ સ્વીકાર

સાંયરા ગામે બાલમંદિરમાં ભણવા તથા બાળકોને નાસ્તો કરાવવા માટે એક જ રૂમ હતો. જો એક જ રૂમ હોય તો ક્યારેક ગેસ જેવી વસ્તુથી બાળકોને નુકસાન થાય જેને માટે બીજા રૂમની જરૂરત હતી. આ રૂમમાં માટે ડોનેશનના રૂા.

૧૪,૦૦૦/- (ચૌદ હજાર) સ્વર્ગસ્વ. શ્રી ગુણવંતીબેન હીરાચંદ ચત્રભુજ શાહ હસ્તે હીરાચંદભાઈ ચત્રભુજ શાહ પરિવાળ તરફથી મળ્યા છે. હીરાચંદભાઈ સાંયરા સ્કુલમાં ભણી ગણેલ તે સ્કુલનું ઋણ તેમના પરિવારે આ રીતે પાછું ચુકવેલ. હીરાચંદભાઈ એ પણ ભણતર માટે ઉપર વધુ સેવા આપેલ હતી. સાંયરાવાસીઓ હીરાચંદભાઈની જેમ આગળ આવી શિક્ષણના કામ કરે. અનુમોદના અનુમોદના અનુમોદન વારંવાર!

**- *પ્રેમચંદ શામજી મોમાયા*** *(સાંયરા)*

## પુના સંઘની ખારીમાની અંગે પ્રશંસનીય કામગીરી

"જીવવું અને મરવું, એટલી જ તો વાત છે, એમાંય માનવીને, કેટલી પંચાત છે!" .... વાત તો જાણે સાચી છે પણ શું થાય? કુદરતનો નિયમ છે, પાળવો તો પડે જ છે. જનમ છે ત્યાં મુત્યુ પણ અનિવાર્ય છે.

જેમ આપણે જન્મ અને લગ્ન ઉજવીએ છીએ, એમ મૃત્યુનો વહેવાર પણ નિભાવવો પડે છે. જેમ નેશની વિધી પાર પડે - ત્યારે વારો આવે - ખારી માનીનો. જુના સમયથી ચાલ્યા આવતા આ રિવાજનું મહત્વ પણ અનેરું છે, પોતાના વ્હાલા સ્વજનની વસમી વિદાય પરિવારજનો માટે અસહ્ય બનો છે, બહારગામથી આવેલા સગા - સબંધીઓની મનસ્થિતિ પણ દુઃખદાયક હોય છે. આવામાં કંઈ સુઝતું નથી તેથી જ વડીલોએ આ ચીલો બનાવ્યો હશે, જેમાં ગામમાં રહેતા જ્ઞાતિજનો તરફથી સાદું ભોજન મૃતકના ઘરે ખારી માની રૂપે પહોંચાડવામાં આવે છે.

પુનામાં ક.દ.ઓ. સંઘમાં કોઈ પણ ઘરે આવી બીના બનતાં જ ખારી માનીની વ્યવસ્થા સંઘની બહેનો દ્વારા તુરંત કરવામાં આવે છે, જે સરાહનીય છે. આ માટેના થતા ખર્ચ માટે પણ ૧૨ કાયમી દાતાઓ મળેલ છે. આ ઉપરાંત અન્ય પરિવારો દ્વારા પણ ઈચ્છા મુજબ રકમ ફાળવી, સારું એવું ફંડ નિર્માણ થયેલ છે. આ રીતે ખારી માની તૈયાર કરવાનું કાયમી કામ પણ આપણી જ્ઞાતિના બહેનને જ અપાય છે. પુના સંઘની આ બહેનોના સંઘ, સાથ - સહકાર અને સુજ સામે ઝુકી તો જવાય ને...

**- *સૌ. ભાવના ખુશાલ મૈશેરી,***

*પુના*

## સંસ્કારી નગરી વડેદરાના ઈતિહાસમાં એક સોનેરી પૃષ્ઠ ઉભેરાયું "માં"

ભારત દેશમાં આપણા કે.ડી.ઓ જૈન સમાજ દરેક ગામમાં વિવિધ સામાજિક તથા ધાર્મિક પ્રવૃત્તિ કરે છે. તેમાં પણ વડોદરા નગરે વિશેષ દાખલારૂપ કાર્યો જોવા મળે છે.

તા. ૨૩-૧૨-૨૦૦૭ ના રોજ શ્રી માણેકજી ખીમજી લોડાયા-સાંયરા પરિવાર તરફથી શ્રી માણેકજીભાઈના ૭૫ માં વર્ષ નિમિત્તે સત્યમ પૂર્તિ પ્રસંગમાં તેમના દિકરા-દિકરી-વહુઓ-જમાઈ-પૌત્ર-પૌત્રી દ્વારા પવિત્ર ગંગાજળ વડે ચરણ ધોઈ ઋણ અદા કરવાનો અનોખો પ્રસંગ યોજાયો.

તા. ૧૫-૧-૨૦૧૨ ના રોજ શ્રી નવીનચંદ્ર ઠાકરશી ધરમશી પરિવાર તરફથી જીવન સ્મૃતિ મહોત્સવ (જીવતે જગત્યું) યોજીને નવો દાખલો બેસાડ્યો.

તા. ૬-૬-૨૦૧૪ થી ૮-૬-૨૦૧૪ દરમિયાન માતુશ્રી નિર્મલાબેન કુંવરજી વસાઈયા લાલકા પરિવાર તરફથી ત્રિ-દિવસીય 'માં તે માં, બાકી બધા વગડાના વા' મહોત્સવમાં જવારા રોપણ, નવગૃહ, દસ દિકપાલ, અષ્ટ મંગલ, પાટલા પૂજન, આદિનાથ પંચ કલ્યાણક પૂજા, શ્રી ભકતામર મહાપૂજન, શ્રી મહાકાળી માતાજીની ભાવના, શ્રી લઘુ શાંતિ સ્નાત્ર પૂજન, રોજ બ્રહ્મ મૂહુર્તે શહનાઈ વાદન, પ્રભાતીયા, ભગવાન શ્રી વિમલનાથ દાદાની આંગી, ભાવના, ત્રણેય દિવસ સંઘ સ્વામી વાત્સલ્ય તથા ચૌવિહાર આમ ભક્તિ અને સંસ્કારનો અદભૂત સમન્વય માણવા મળ્યો. ધન્ય દશાઈ સંસ્કારોને,

***લિ. પુર્વિ મુકેશ લોડાયા***

## ચાતુર્માસના મંગળ વધામણા

દેવગુરુ પસાયે ચાતુર્માસના દિવસોને અનુકુળતા મુજબ મીઠી મધુર વ્યાખ્યાન વાણી, ધર્મ આરાધના, તપસ્યા કરીને જીવનને ધન્ય, ધન્ય બનાવીએ. યથા શક્તિ આપણી લક્ષ્મી વાપરી તેને મહાલક્ષ્મી બનાવીએ જીવનમાં ચાલતા કર્માનો ક્ષય તેમજ કર્મોની નિર્જરા કરીએ અને મોક્ષ તરફ આગળ વધતા રહીએ અને પુણ્યની જોળી છલકાવીએ.

***- જવેરચંદ લખમશી ધરમશી***

*લાલા મુલુંડ*

**પુત્રના લક્ષણ પારણામાં....... ૩૨ માં પાનાથી ચાલુ**

બંનેએ પોતાનો પરિચય આપ્યો. બંને ગુજરાતના ભાજપના નેતાઓ હતા. તેમણે પોતાના નામ અપ્યા પણ તરત ભૂલાઇ પણ ગયા, કારણ કે એ સમયે સાથી પ્રવાસીઓની ઓળખાણ અગત્યની ન હતી. અમે પણ કહ્યું કે અમે બંને રેલ્વેમાઇ જોડાઇ રહેલા તાલીમાર્થી અધિકારી છીએ અને આસામથી આવીએ છીએ. ટ્રેન ચાલી અને અમારી વાતો પણ. વિષયો બદલાતા રહ્યા. ઈતિહાસથી માંડીને રાજકારણની વાતો થઇ. મારી મિત્ર દિલ્હી યુનિવર્સિટીમાંથી ઈતિહાસ સાથે પોસ્ટ ગ્રેજ્યુએટ હોવાથી તેને તો વાતોમાં મજા પડી ગઈ. હું પણ વચ્ચે વચ્ચે સૂર પુરાવતી હતી. હિન્દુ મહાસભા અને મુસ્લિમ લીગની સ્થાપના વિશે પણ ચર્ચા ચાલી.

બંને નેતાઓમાં જે સિનિયર હતા તેઓ ભારે હોંશ સાથે ચર્ચા કરી રહ્યા હતા. તેમના કરતાં યુવાન નેતા લગભગ ચૂપ રહ્યા હતા. પરંતુ તેમની બોડી લેંગ્વેજ પરથી ખ્યાલ આવતો હતો કે ચર્ચામાં ભલે ભાગ ના લે પણ તેમાં પૂરેપૂરૂ ધ્યાન હતું. અચાનક હું બોલી પડી કે 'શ્યામાપ્રસાદ મુખરજીના મોતનું રહસ્ય હજુ અકબંધ કેમ છે?'

યુવા નેતાએ મને પૂછયું, 'શ્યામપ્રસાદ મુખરજી વિશે કેવી રીતે જાણો છો?' મેં કહ્યું કે મારા પિતા કલકત્તા યુનિવર્સિટીમાં પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટુડન્ટ હતા ત્યારે શ્યામાપ્રસાદ આસામથી આવતા આ યુવાન વિધાર્થી માટે મુખરજીએ વાઈસ ચાન્સેલર તરીકે સ્કોલરશીપની વ્યવસ્થા કરી આપી હતી. મારા પિતા હંમેશા તે યાદ કરતા અને તેમને શ્યામાપ્રસાદના અકાળે અવસાનનો બહું અફસોસ હતો.

યુવાન નેતાએ ત્યારે જાણે સ્વગત બોલતા હોય એવા અવાજે કહ્યું, 'ઓહ, આ લોકો તો ઘણું બધું જાણે છે, સારૂં કહેવાય...' અચાનક સિનિયર નેતાએ અમને પૂછયું 'તમે ગુજરાતમાં અમારા પક્ષમાં જોડાઇ જાવને?' અમે બંને હસી પડયા. અમે કહ્યું કે અમે ગુજરાતના વતની નથી. તે વખતે યુવાન નેતાએ બહુ દ્રઢતાથી કહ્યું, 'તો તેથી શું? અમને એથી કોઇ પ્રોબ્લેમ નથી. અમે અમારા રાજ્યમાં સારી પ્રતિભાઓને આવકારીએ છીએ' મેં જોયું કે અત્યાર સુધી શાંત રહેલા યુવાન નેતામાં અચાનક ઉત્સાહ ઉમેરાયો હતો.

જમવાનું આવ્યું. શાકાહારી ભોજનની ચાર થાળી હતી. અમે ચૂપચાપ જમી લીધું. પેન્ટ્રી કારનો મેનેજર પેમેન્ટ લેવા આવ્યો ત્યારે યુવાન નેતાએ અમારા ચારેયની થાળીના પૈસા આપી દીધા. હું 'થેન્ક યુ' બહુ મંદ અવાજે બોલી શકી. પણ તેમણે તો જાણે એ કોઇ બહુ નજીવી બાબત હોય તેમ ટાળી દીધું. ત્યારે મેં જોયું કે તેમની આંખમાં બહુ અનોખી ચમક હતી. જે કયારેય ભુલાય તેમ ન હતી. તેઓ ભાગ્યે જ કશું બોલતા હતા. મોટાભાગે સાંભળતા જ રહેતા.

એટલીવારમાં ફરી ટીટીઇ આવ્યા અને કહ્યું કે ટ્રેન બહુ પેક છે અને તે અમારા માટે બર્થની વ્યવસ્થા કરી શકે તેમ નથી. બંને નેતાઓ ઊભા થઇ ગયા અને કહ્યું, 'વાંધો નહીં, અમે મેનેજ કરી લેશું' તેમણે બહુ ત્વરાથી ફલોર પર જ કપડું પાથરી દીધું અને ત્યાં લંબાવી દીધું અમે એમની બર્થ પર નિદ્રાધીન થઇ ગયા.

આ તે કેવો કૂપેમાં અમારા સહપ્રવાસી બે નેતા હતા પણ અમે બિલકુલ નિશ્ચિત હતા. સવારે ટ્રેન અમદાવાદ પહોંચવા આવી ત્યારે બંનેએ અમારી રહેવાની વ્યવસ્થાની પૂછપરછ કરી. સિનિયર નેતાએ કહ્યું કે કોઇ તકલીફ હોય તો તેમનું ઘર અમારા માટે ખુલ્લું જ છે. તેમનો અવાજ ખરેખર કાળજીભર્યો હતો. ચૂપ ચૂપ રહેતા યુવાન નેતાના ચહેરા પરના ભાવ બદલાયા અને તેમણે કહ્યું કે,' હું તો જિપ્સી જેમ ભટકતો રહું છું. હું તમને બોલાવી શકું એવું કોઇ ઘર નથી. પણ, તમે આમના ઘરે જવાની ઓફર સ્વીકારી શકો છો.' અમે આમંત્રણ બદલ તેમનો આભાર માન્યો, પણ કહ્યયું કે અમારા માટે રહેવાની વ્યવસ્થાની કોઇ સમસ્યા થાય તેમ નથી.

ટ્રેન સ્ટેશને ઊભી રહે તે પહેલાં મેં ડાયરી કાઢી અને ફરી તેમના નામ પૂછયાં. હું મારો રાજકારણીઓ વિશેનો અભિપ્રાય બદલી દેનારા આ બે ઉદારહૃદયી નેતાઓને ભૂલવા ઇચ્છતી ન હતી. ટ્રેન ઊભી રહી અને મેં ફટાફટ તેમનાં નામ ટપકાવ્યાં. શંકરસિંહ વાઘેલા અને નરેન્દ્ર મોદી આ કિસ્સો ૧૯૯૬માં આસામ ના એક અખબારમાં પ્રગટ થયો. એ આસામની બે મહિલાઓ માટે પોતાની સફરનો આરામ જતો કરનારા બે અજાણ્યા ગુજરાતી રાજકારણીઓની બિરદાવેલી હતી. મેં જ્યારે એ લખ્યું હતું ત્યારે સપને પણ એવો ખ્યાલ ન હતો કે તેઓ બંને ભવિષ્યમાં આટલા પ્રસિધ્ધ થશે અને ભવિષ્યામાં પણ મને તેમના નામ સાંભળવા મળશે. જ્યારે શંકરસિંહ વાઘેલા ૧૯૯૬માં ગુજરાતના મુખ્યપ્રધાન બન્યા ત્યારે હું ખુશ થઇ હતી. જ્યારે નરેન્દ્ર મોદી ૨૦૦૧માં મુખ્યપ્રધાન બન્યા ત્યારે પણ હું બહુ આનંદિત થઇ હતી. અને હવે તો તેઓ ભારતના વડાપ્રધાન બની ચૂકયા છે. જ્યારે પણ હું તેમને ટીવી પર જોઉં છું ત્યારે મને મારા ઘરથી કયાંય દૂર ટ્રેનમાં તેમણે કરાવેલું ગરમ ભોજન, દાખવેલું સૌજન્ય, દર્શાવેલી કાળજી અને પૂરી પાડેલી સલામતીની લાગણી યાદ આવે છે અને મારૂં મસ્તક આદરથી ઝુકી જાય છે. (આ કિસ્સો લખનારાં લેખિકા કીના શર્મા હાલ ભારતીય રેલ્વે નવી દિલ્હી ખાતે સેન્ટર ઓફ રેલ્વે ઇન્ફર્મેશન સિસ્ટમ્સના જનરલ મેનેજર તરીકે ફરજ બજાવે છે.)

***(લીના શર્માના મૂળ અંગ્રેજી લેખનો ગીતા જૈને કરેલો ભાવાનુવાદ)***

## સર્જનાત્મક જીવનશૈલી અપનાવો

**વનિતા**



**વિશ્વ**

પાંચ દાયકા વિતાવી ચૂકેલી અને પ્રસન્ન દાંપત્યની સરિતામાં ગળાડૂબ અમીના જીવનમાં અચાનક વાવાઝોડું આવ્યું.

સવારે બ્રેકફાસ્ટ સાથે મસ્તી મજાક કરી ઓફિસે જવા નીકળેલો એનો પતિ મલય સાંજે પાછો નહીં ફરે એવી તો કલ્પના પણ ક્યાંથી હોય? ટ્રક સાથે થયેલા રોડ એક્સિડન્ટમાં મલયનું ઘટનાસ્થળે જ અવસાન થયું હતું. રાત્રે સમાચાર મળતાં હતપ્રભ બની ગઈ અમી. ઘરમાં ફક્ત એકવીસ વર્ષનો દીકરો અને ઘરડાં સાસુ. કોણ કોને સાંત્વન આપે!

અમીના મન પર જે બની ગયું હતું એનો ઓથાર હતો પણ અત્યારે ભાંગી પડવું પાલવે એમ નહોતું. સર્જનાત્મક અભિગમ અને ગજબની હિંમત દાખવી એણે પરિવારની ડોર પોતાનાં હાથમાં લઈ લીધી. સગાં- સંબંધીઓ અવાચક બનીને જોતાં રહ્યાં. અમીની ખાસ મિત્ર તાન્યા એને મળવા આવી. અમીની સ્વસ્થતા જોઈ એણે રાહત અનુભવી.

અમીએ એને પૂછ્યું. હું શું કશું ખોટું કરી રહી છું? લોકોને મને સ્વસ્થ જોઈને નવાઈ કેમ લાગે છે? મારે બેવડી જવાબદારી નિભાવવાની આવી છે. એમાંથી હું કેવી રીતે છટકી શકું?

તાન્યાએ એને બાથમાં લઈ કહ્યું, અમી... તું જે કરી રહી છે એ જ બરાબર છે પણ એ માટે ઘણી હિંમતની જરૂર પડે. તારામાં એ છે, કારણકે વર્ષોથી તું યોગ કરતી આવી છે. મનને દરેક પરિસ્થિતિમાં સ્વસ્થ રાખવું એ જ તો છે યોગ.

જીવનમાં સુખ અને દુઃખ સિક્કાની બે બાજુ જેવાં છે, બંનેના સ્વીકાર કરો. સંયોગ અને વિયોગ બંને વખતે મન વ્યવસ્થિત અને યોગ્ય દશામાં


UPTO 35% OFF

Lagna Deep Sarees

Since 1984...



SALE

Sale from 5th July to 20th July 2014

Designer Bridal Sarees • Heavy upada Sarees
Traditional & Fancy Patola • Bandhani • Gharchola Panetar
All type of Exclusive Sarees and also Dress, Lehenga Cholis

Specialist in Real Zari Embroidery

Shop No. B-13, Jalaram Ashish Bldg., Devidayal Road, Opp. Raj Hospital, Mulund (West), Mumbai - 400 080. Mob.: 7666688881, Shop: 02225680807

During Sale period Shop will opened for all days

રહે એ જોવું જરૂરી છે. જીવનમાં ઘટતી ઘટનાઓ પર આપણું નિયંત્રણ હોતું નથી એટલે એને સ્વીકાર્યે જ છૂટકો. સર્જનાત્મક અને સકારાત્મક અભિગમ કેળવવાથી વિકટ પરિસ્થિતિમાંથી બહાર નીકળવું સહેલું બને છે.

સર્જનાત્મક હોવું અને સર્જનાત્મક રીતે વિચારવું એટલે શું? સામાન્ય રીતે સર્જનાત્મક્તાને માત્ર કળાનાં ક્ષેત્રો સાથે જોડવામાં આવે છે, પણ સર્જનાત્મક રહેવું એટલે વાંચન, લેખન, પેઈન્ટિંગ, નૃત્ય, સંગીત જેવા કળાના વિષયો સાથે જ સંકળાયેલાં રહેવું એવું નથી. કોઈ પણ કાર્ય કરવા માટે કરવામાં આવેલો નવો વિચાર સર્જનાત્મક દૃષ્ટિનું પરિણામ હોઈ શકે છે. સામાન્ય બુદ્ધિ પ્રતિભા ધરાવતી અને અછતમાં ઘેરાયેલી માતા પોતાની દીકરીને ભણાવી ગણાવી ખ્યાતનામ યુનિવર્સિટીમાંથી ઉત્તીર્ણ થવાનું સ્વપ્ન સેવે એ સર્જનાત્મક જીવનશૈલી છે. જીવનમાં દરેક ક્ષેત્રે સર્જનાત્મકતા રહેલી છે.

દરેક વ્યક્તિમાં પોતાની એક આગવી સર્જનાત્મકતા હોય છે. બાળપણમાં એ સહજ હોય છે, પણ વય વધતાં સંજોગો અનુસાર એ મંદ પડી જાય છે. પ્રયત્નો દ્વારા એને ફરી ઉજાગર કરવી જરૂરી છે. જિંદગી સારી અને ખરાબ ઘટનાઓનું મિશ્રણ છે, પણ દુર્ભાગ્ય આપણું ધ્યાન ખરાબ ઘટનાઓ પર વિશેષ રહે છે. જીવનમાં માણેલી સુખ ક્ષણોને વણોળવા જેવી છે જિંદગીને અરિસા સાથે પણ સરખાવી શકાય. પ્રસન્ન ક્ષણોને યાદ કરવાથી જીવનના અરિસામાં એનું પ્રતિબિંબ પડે છે. બીજી બધી કુશળતાઓની જેમ આપણાં સ્વભાવને અને આપણી દૃષ્ટિને આનંદાભિમુખ બનાવવાનું પણ શીખવું પડે છે.

મળેલા જીવનને આનંદથી અને સારી રીતે જીવવું એ મનુષ્યમાત્રનું કર્તવ્ય છે. આનંદની અનુભુતિ ફક્ત ભૌતિક સુખ - સગવડોની મોહતાજ નથી. મૂખ્ય જરૂરિયાતની વસ્તુ રોટી, કપડાં અને મકાન પાસે હોય તે છતાં વધુને વધુ સગવડ માટે હવાતિયાં મારવામાં ઘણી વાર આખી જિંદગી ખર્ચાઈ જાય છે.

તમારી દૃષ્ટિ, તમારો સ્વભાવ ક્યા પ્રકારનો છે એનું નિરીક્ષણ કરો. સ્વભાવે આનંદી લોકો જ્યાં જાય ત્યાં આનંદની લહાણી કરતા રહે છે અને બદલામાં આનંદ જ મેળવે છે. દરેક બાબતને હળવાશથી લઈ હસી કાઢવાની વૃત્તિ રાખવાથી સ્વસ્થતા વધે છે. ભૂત - ભવિષ્યમાં અટવાવાને બદલે વર્તમાનમાં જીવવાની આદત પાડવી જોઈએ.

વર્તમાનની ક્ષણને સાર્થક બનાવવા એને સારી રીતે જીવી લેવી એ તમારા હાથમાં છે. તમને જે પ્રવૃત્તિમાં રસ પડે એમાં લીન થઈ જવાથી આજુબાજુની વ્યથા વિસરાઈ જાય છે. સર્જનાત્મક હોવાનો એક અર્થ એ પણ છે કે જે પણ કામ કરો આનંદથી કરો, મનગમતું કામ મળે તો તમે નસીબદાર છો, પણ એમ ન બને તો જે મળ્યું છે એને મન લગાડીને કરો અને પછી જુઓ કે એ કામ પણ કેટલું સરસ થાય છે અને એની અનુભૂતિ પણ કેટલી સરસ થાય છે!

તમે વ્યવસાય કરતાં હોવ કે નોકરી કે પછી ગૃહિણી હોવ કામમાં જીવ રેડવાથી એમાં અલગ પ્રકારનો નિખાર આવે છે. ગૃહિણી દિલ દઈને રસોઈ બનાવે અને આકર્ષક રીતે ટેબલ પર મૂકે ને બધાંને પ્રેમથી જમાડે તો ખાવાનું કેટલું મીઠું લાગે? જોબ કરતાં હોય પણ ઓફિસમાં બેસીને બીબાંઢાળ નિરસ રીતે કામ કરો અને ચીવટાઈથી દિલ દઈને કામ કરો તો એ કાર્યમાં કેટલો ફરક પડે ? અને એ પણ કોઈ લાલચ માટે નહીં, પણ તમારા આત્મસંતોષ માટે.

સર્જનાત્મકતાનો બીજો અર્થ એ પણ છે કે ચીલાચાલુ વિચારસરણીને બદલે કશું હટકે વિચારવું - નવી રીતે વિચારવું ટિપિકલ વિચારસરણી ધરાવતા લોકો કશું નવું વિચારવા તૈયાર નથી હોતા. તેઓ હંમેશાં નવા વિચારોની વિરોધ કરવામાં પાવરધા હોય છે. પરિણામો તેઓ જલદી વૃધ્ધત્વ તરફ ધકેલાય છે. સર્જનાત્મક જીવનશૈલી અપનાવવાથી હંમેશા તરોતાજા અને યુવા રહી શકાય છે.

***- જન્મભૂમિની તેજસ્વીની પૂર્તિમાંથી સાભાર)***

# MAKE YOUR RELATIONSHIPS MAGICAL

*TILAKCHAND LODAYA (Chennai) Email :ourbrotherhood@yahoo.co.in*

During an evening walk in Jalpaiguri, West Bengal, my last place of posting as Chief Commissioner of Income Tax, I gate crashed, just for curiosity, in to one ongoing function. Neither I knew any one nor any one knew me. After sometime, the organisers started collection of donations and announcing the names of the donors. I was pondering as to whether anyone will ever give a donation of, say, few hundreds of Rupees, in a group where one is a total stranger and one has no intention to be in that place or there is no quid pro quo? Most probably, NO.

Recently I read a book The Magic by Rhonda Byrne. It reminded me of my above experience. Since few days, I have been practicing the prescribed magic. It really works. It makes once life wonderful. So I am tempted to summarise the methodology of converting our RELATIOSHIPS into MAGICAL RELATIOSHIPS and recommend to you all.

Imagine if you were the only person on Earth; you would have no desire to do anything. What would be the point in creating a painting if no one could see it? What would be the point in inventing anything if there was no one to use it? There would be no reason to move from one place to another because wherever you went would be the same as where you were - no one would be there. There would be no pleasure or joy in your life.

It's your contacts and experiences with other fellow human beings that give your life joy, meaning and purpose. Because of that, your relationships affect your life more than anything else. To receive the life of your dreams, it's vital that you understand how your relationships affect your life now and how they are the most powerful channels for gratitude to start magically changing your life.

Research confirms that people who practice gratitude have closer relationships, are more connected to family and friends and have other people look upon them favourably. Further for every one complaint about another person, whether in thought or word, there have to be ten blessings for the relationship to flourish. Any less than ten blessings for every one complaint and the relationship will deteriorate and if the relationship is a marriage, it will most likely end in divorce.

Gratitude makes relationships flourish. As you increase your gratitude for any relationship, you will magically receive an abundance of happiness and good things in that relationship. And gratitude for your relationships doesn't change only your relationships; it also changes you. No matter what your temperament is now, gratitude will give you more patience, understanding, compassion and kindness, to the point where you won't even recognize yourself. The little irritations you once felt and the complaints you had in your relationships will disappear because when you're truly grateful for another person, there's nothing you want to change about that person. In fact, you won't even be able to see the things you used to complain about.

Words are very powerful, so when you complain about any person you actually harm your life. It is your life that will suffer. By the law of attraction whatever you think or say about another person, you bring to you. For you to receive more in your life, for your life to magically increase, you have to be grateful for others just as they are. What if every person close to you said, "I love you - just the way you are," how would you feel?

Today's magical practice is being grateful for people just as they are! Even if all of your relationships are currently good, they will increase with more magnificence through this practice. And with everything you find to be grateful for in each person, you will see gratitude perform its breathtaking magic and your relationships will be stronger, more fulfilling, and more enriching than you ever thought they could be. To start, choose three of your closest relationships to be grateful for. You might choose your wife, your son and your father or any one else. Please take their photographs, of that person alone or both of you together.

Now you set the magic into motion. Sit down and think about the things you are the most grateful for about each person. What are the things you love the most about this person? What

***Cont. on Page No. 31***

# અમારા 'માતા - પિતા' ને તીર્થસ્વરૂપ આત્મા પ્રતિ નત મસ્તકે વંદન

(ગામ : સેવક ભરૂડીયા)



**પિતાશ્રી જેઠાલાલ પદમશી દંડ**
અરિહંત શરણ : તા. ૪.૧૨.૧૯૯૪



**માતુશ્રી નવલબેન જેઠાલાલ દંડ**
અરિહંત શરણ : તા. ૨૪.૬.૨૦૦૯

**તમે પુરૂષાર્થ ભર્યુ જીવન જીવી ગયા, બીજાને માટે ચંદનની જેમ જાતે ઘસાઈને મહેક પ્રસરાવી ગયા.
સ્નેહ અને વાત્સલ્યનું ઝરણું વહાવીને અમ સહુના હૃદયને ભીંજવી ગયા.
તમારા સુવિચારો, સદ્ ગુણો, સંસ્કાર અને આત્મચીતા અમારામાં રહે તે ભાવના સાથે શ્રધ્ધાંજલિ.
એવા અમારા માતા - પિતાનો આત્મા મોક્ષ ગતિ પામી, પરમ પદને પામે એજ અભ્યર્થના સાથે..**

## આપના સ્મુતિદિપને પ્રજ્વલિત રાખનાર

| | |
|---|---|
| પુત્રવધુ - પુત્ર | : • અ.સૌ. સ્મિતા દિલીપ દંડ • અ.સૌ. હીના ઉત્તમ દંડ<br>• અ.સૌ. સુષમા ચંદ્રકાંત દંડ • અ.સૌ. રાજુલ ધીરજ દંડ |
| દિકરી | : રશ્મીબેન જેઠાલાલ દંડ |
| દિકરી - જમાઈ | : • અ.સૌ. ઉર્મિલા શાંતિલાલ ખોના • અ.સૌ. નયના શરદચંદ્ર શીયાડ<br>• અ.સૌ. સરોજ અનીલકુમાર નાગડા |
| પૌત્રી - જમાઈ | : અક્ષિતા નયન નાગડા |
| પૌત્ર - પૌત્રી | : મહેક ઉત્તમ દંડ • સ્વીના અને નેમીન ચંદ્રકાંત દંડ • મિહિર ધીરજ દંડ |
| દોહિત્ર - વધુ | : નેહલ કોમલ ખોના • શીતલ કૌશલ ખોના • નેહા નિખીલ શીયાડ |
| દોહિત્રા | : ચિંતન શરદચંદ્ર શીયાડ |
| દોહીત્રી - જમાઈ | : લેખા જિનેશ માલદે • હિનલ જીતેશ શીયાડ |
| પર દોહિત્રા - દોહિત્રી | : મીત અને સિધ્ધ જીનેશ માલદે<br>વંશ અને વૃંદા કોમલ ખોના • નીલ કૌશલ ખોના |

**માતુશ્રી મોતીબેન પદમશી ખીમજી દંડ પરિવાર (સેવક ભરૂડીયા)**
**માતુશ્રી દેવકાબેન ગોવિંદજી દામજી ખોના પરિવાર (ગોરખડી)**

**• MAA SACHHAI** DADAR (W) **• AKSHITA COLLECTION -** MULUND (W) **• N. J. FASHIONS** MULUND (W)

# અંતરના અભિનંદન



**સ્વીના ચંદ્રકાંત દંડ**
**SSC માં 87%**
નવાણુની યાત્રા પુર્ણ કરેલ છે.

**પરમ કૃપાળુ દેવ - ગુરૂની અસીમ કૃપાથી
દંડ પરિવારની લાડલી અને લાડકવાયો
સારા ગુણાંક મેળવી
શૈક્ષણિક કારકીર્દી ને યશસ્વી બનાવી છે. .
આ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન
તેઓ જીવનના દરેક ક્ષેત્રે
પ્રગતિના શિખરો ચુમે એવી શુભેચ્છાઓ.**

દાદાણા : **માતુશ્રી નવલબેન જેઠાલાલ દંડ સમસ્ત પરિવાર**
સ્વીનાના નાનાણા : **મંજુલાબેન લક્ષ્મીચંદ ધનજી નાગડા** (તેરા)
મિહિરના નાનાણા : **નવલબેન જયચંદ દામજી લોડાયા** (જખૌ)



**મિહિર ધીરજ દંડ**
**SSC માં 73%**

## શબ્દાનંદ



### આડી ચાવી

૧. આ રાજ્યમાં ગયાવર્ષે વાદળ ફાટ્યા (૫)

૫. ખોરાકપાણી (૪)

૭. ચીરીંછના મોંમા ઘાલીને કાઢી લીધેલો કાળો મણકો (૫)

૯. રક્ત વાહિની (૨)

૧૧. નાકાવેરો (૩)

૧૩. બટ મોગરો (૩)

૧૫. ઉંચા ખાનદાનનું (૪)

૧૭. જેના પર ભોજન પીરસાય તે (૪)

૧૯. અંશ, હિસ્સો (૨)

૨૦. બાટલી બંધ કરવાનું સાધન, બુચ (૨)

૨૧. કેસર (૪)

૨૩. માખણ (૪)

૨૬. મગદૂર (૩)

૨૮. ભેદ, અભાવ (૪)

૩૦. દેશી રાજ્ય (૪)

૩૨. વસિષ્ઠ ઋષિની પત્ની (૪)

૩૩. મુરબ્બી (૩)

### ઊભી ચાવી

૧. છાણ - પૂંજનો ઢગલો (૪)

૨. કાંજી, (૨)

૩. હસતાં ગાલમાં પડતો મોંનો ખાડો (૩)

૪. બીક, ભય (૨)

૫. લીંબુ, સ્વાદમાં હોય (૨)

૬. મુર્તિ કે થાંભલાની બેઠક (૩)

૮. એક જાતનું ઊનનું કપડું (૩)

૧૦. ગળે વીંટવાનો પટ્ટો (૪)

૧૧. સાત લોકમાંનો પાંચમો લોક (૨)

૧૨. પાણીની લહેર (૩)

૧૪. લીન, આસકત (૨)

૧૫. વચમાં કાણા રહે એવી ગૂંથણી (૨)

૧૬. માહિતગાર (૩)

૧૮. રઘુનો વંશજ (૩)

૧૯. સ્મરણ શુદ્ધિ (૨)

૨૦. એક દાણાદાર ફળ (૩)

૨૧. નાત, જ્ઞાતિ ૨)

૨૨. બાહોશ, ચાલાક (૩)

૨૩. દમયંતીનો પતિ (૨)

૨૪. પેદાશ (૩)

૨૫. કાદવ (૨)

૨૭. જીર્ણ, ઘસાઈ ગયેલું (૩)

૨૮. અડદની દાળની એક વાનગી (૨)

૨૮. ખાંડની ચાસણીનો તલની એક બનાવટ (૩)

૩૦. ચણોઠી જેટલું કદ (૨)

૩૧. પંચ ભુતમાંનો એક પદાર્થ (૨)

- વનિતા નાગડા



**NUMBER GAME**

**IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS :**

**2 Digit Nos :** 15, 23, 26, 29, 31, 38, 46, 52, 53, 61, 65, 88, 82, 97

**3 Digit Nos :** 245, 329, 438, 465, 568, 627, 842

**4 Digit Nos :** 1844, 2846, 4387, 4831, 5491, 6149, 7528, 8229, 9315, 9336

**5 Digit Nos :** 22136, 25339, 35287, 37465, 38363, 54129, 92366, 97241, 98764

**6 Digit Nos :** 126564, 134594, 258194, 265138, 312536, 629754, 672586



**COUNT THE GARDEN**
**BY THE FLOWERS,**
**NEVER BY THE LEAVES THAT FALL;**
**COUNT LIFE WITH SMILES**
**AND NOT THE TEARS THAT ROLL.**

**આરોગ્ય પ્રકાશ**

## ટી.બી. (ક્ષય) મટી શકે છે.

**મનિષ ડાઘા**

ટી.બી. (ક્ષય) વર્ષ ૨૦૧૧ થી મુંબઈમાં સૌથી વધુ મોત નીપજાવનાર બિમરીમાં બીજે ક્રમે છે. મુંબઈમાં થતા મૃત્યુના ૫ મુખ્ય કારણોમાં ટીબી એકમાત્ર ચેપી રોગ છે. ટી.બી હવાથી ફેલાતો ચેપી રોગ છે, જેને અટકાવી શકાય છે અને થયો હોય તો પણ મટાડી શકાય છે.

**ટી.બીના લક્ષણો : ● ઉધરસ, ક્યારેક ગળફા અને લોહી સાથે. ● છાતીમાં દુ:ખાવો. ● અશક્તિ, ● તાણ, ● રાત્રે પરસેવો બળવો.**

આ લક્ષણો દેખાય કે તરત જ તપાસ કરાવવા ડોક્ટરની મુલાકાત લેવી જોઈએ.

સરકારો કે આંતરાષ્ટ્રીય આરોગ્ય સંસ્થાઓ ટી.બી બાબતે ગંભીર ન હોવાથી તેની ગંભીરતા વિશે પૂરી જાગૃતિ નથી.

શેઠ નરશી નાથા મેડિકલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે મને આ રોગની ગંભીરતાનો વિશિષ્ટ અનુભવ થયો.

ગયા વર્ષે નબળી આર્થિક સ્થિતિવાળા એક આધેડ વર્ષના સજ્જન મારી પાસે તેની ૧૨ વર્ષની દીકરીની સારવાર માટે સહાય માંગવા આવ્યા. મેં તે છોકરીના રીપોર્ટ વાંચ્યા તો ખબર પડી કે તે ટી.બી થી પીડાતી હતી. તેના પિતાએ ગળાગવા સાદે કહ્યું કે આ છોકરીનું શરીર સારવારને પ્રતિભાવ આપતું નથી અને હવે એની સારવારના ખર્ચા મને પરવડે તેમ નથી.

છેલ્લા બે મહિનામાં એ છોકરીનું વજન ૧૦ કિલો ઘટી ગયું હતું! તે તેના ત્રણ સંતાનોમાંથી એકમાત્ર જીવિત રહેલ સંતાન હતી. એટલે સારવાર કરવી પરવડે તેમ નહોતી તોય તેને શ્રેષ્ઠ સારવાર મળે એમ એ સજ્જન ઈચ્છતા હતા. પણ તેનું શરીર સારવારને પ્રતિભાવ આપતું નહોતું.

હું તે છોકરીના રીપોર્ટ ડો. રાજેન્દ્ર કુરવા અને ડો. હરિશ લાપસીયા પાસે તેમની નિષ્ણાત સલાહ માટે લઈ ગયો. તો એ બન્ને એ અભિપ્રાય આપ્યો કે આ છોકરી તો ડ્રગ રેઝીટન્ટ ટી.બી એટલે કે ટી.બીની સામાન્ય દવાનો ગાંઠે નહીં તેવા ટી.બીના રોગથી પીડિત છે. આવા દરદીને ટી.બીની સામાન્ય દવા અસર ન કરે તેને વધુ પ્રગતિશીલ દવાઓ આપવી પડે.

તેની દવા બદલવામાં આવી તે પછી પણ તેને સાજી થતા ૧૨ મહિના લાગ્યા. આવી પરિસ્થિતિમાં ઘણા લોકો સારવાર અધુરી મૂકી દે અને મોતને પણ નોતરી લે.

સદભાગ્યે, છોકરીનું સાચું નિદાન સમયસર થયું અને તેને યોગ્ય દવાઓથી સાજી કરી શકાઈ. હવે તે ખુબ નિરોગી બની ગઈ છે. હકીકતમાં ચાર મહિના પહેલાં તે તેની શાળામાં યોજાયેલ દોડમાં વિજેતા થઈ તે પોતાના વર્ગમાં ભણવામાં પણ બીજે ક્રમે આવી. તેની દવાઓ હવે બંધ કરાવી દેવાઈ છે અને તે સારી તંદુરસ્તી ધરાવે છે.

ડોક્ટર માને છે કે ભારતમાં મોટા ભાગના ટી.બીના કેસનું નિદાન થતું નથી અને ટી.બીથી થયેલા ૫૦ ટકા મૃત્યુની પણ ખબર પડતી નથી.

આપણે ઉપરના કિસ્સામાં જોયું તેમ ગંભીર પ્રકારના ટી.બીને પણ મટાડવો શક્ય છે. જો દરદી યોગ્ય દવાનો પૂરો કોર્સ કરે તો તે તંદુરસ્ત જીવન જીવી શકે છે.

મારી જ્ઞાતિજનોને ખાસ વિનંતી છે કે ઉપરના લક્ષણોને અવગણશો નહીં. જો તમને કે તમારા વતુર્ળમાંના કોઈને હોય તો યોગ્ય સારવાર કરો અને હા, મેડિકલ ઈનશ્યુરન્સ લઈને તમારા પરિવારને સુરક્ષા કવચ આપો.


**E.C.E. TEACHER TRAINING COURSE**
(4 MONTHS CERTIFICATE COURSE )
Regular Batch: Monday To Friday
and
**PHONICS TEACHER TRAINING COURSE**
(1 Week certificate course )
**L .N. MEHTA ED. CLASSES**
Yogesh Sadan, Hing wala Lane,
Ghatkopar (E), MUMBAI - 400077
PHONE: 25014824 \ 25014870 \ 9821285541

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## સાંધવગામે ચાતુર્માસ પ્રવેશ

સાંધાવગામે પ.પૂ. સાધ્વીશ્રીજી લક્ષગુણાક્ષીજી મ.સા આદી ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ ૭.૭.૧૪ સોમવારના સવારના રાખવામાં આવેલ છે. તો આરાધકોને ચાર્તુમાસની ચાર મહિના આરધના કરવા સાંધવ ગામે જવાની ઈચ્છા હોય તો શ્રી ક.દ.ઓ. મહાજન સાંધવને જાણ કરવાથી રહેવાની તેમ જમવાની બધી સગવડ મહાજનશ્રી તરફથી કરવામાં આવશે. પર્યુષણ પર્વની બધી ટીકીટો આવી ગઈ છે.

## મુલુંડમાં મહાકાળી ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા આયોજીત શ્રી મહકાળી માતાજીની ભાવના તા. ૬.૭.૧૪ને રવિવારના રાતે ૯.૦૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ શ્રી કુંવરજી વીરજી શાહ - ભરૂડીયાવાળા પરિવારે લીધેલ છે.

ઓગસ્ટની ભાવના તા. ૩.૮.૧૪ના છે જેનો લાભ માતુશ્રી વનીતાબેન પુનમચંદ પાસુભાઈ મૈશેરી પરિવાર - લાલા વાળાએ લીધેલ છે.

## ચાલીસગામમાં ધ્વજા મહોત્સવ

ચાલીસગામમમાં પ.પૂ. સાધ્વીશ્રીજી ગુલાલશ્રીજી મ.સ.ના. નિશ્રામાં જેઠ સુદ ૧૨ પદમપ્રભુ જિનાલયની ૧૦૬મી વર્ષગાઠ ઉત્સાહ તથા ઉમંગથી મનાવવામાં આવી સવારના સ્નાત્રબાદ સત્તરભેદી પૂજા રાખવામાં આવેલ. અર્થસહિત સત્તરભેદી પુજા ભણાવવા માટે મલકાપુરથી રાજુભાઈ શાહ. એમની મંડળી સાથે પધારેલ.

ચઢાવા પણ સારા થયેલ. શિખરજી ધ્વજાનો ચઢાવો - મળબાર ટી ડેપો હસ્તો સૌ. તીલોતમ્માબોન રાજેન્દ્ર લોડાયા ૨૭૯૦૧ રૂપીયામા, ઘમુટની ધ્વજાનો ચઢાવો માતુશ્રી જયાબેન જયચંદ મોમાયા રૂા. ૭૦૦૧,

સ્નાત્ર ત્રિગડાનો ચઢાવો માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા રૂા. ૧૧,૧૧૧, આરતીનો ચઢાવો તથા શાંતિ કળશનો ચડાવો પણ માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા - કોઠારાવાલાએ આરતી ૪૦૧મણમાં, શાંતિકળશ ૫૦૧ મણમાં, મંગલ દિવાનો ચડાવો ગૃહ લક્ષ્મીમંડળના બહેનોને લીધેલ. ૩૫૧ મણ કાયમી રજીસ્ટર સ્વામી વાત્સલયના દાતા શ્રીમતી દમયંતીબેન પદમશી ખોના કોચીનવાળા તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ.

સાંજના સંગીતની રમજટ સાથે ભાવના ભણાવવામાં આવી પ્રભુજીની આંગી પણ કરવામાં આવેલ. દર રવિવારે સાંજના ૭ થી ૮ એક કલાક ભાવના ભણાવવા આવશે.

ધ્વજાની એક દિવસ પહેલા ના ૮.૬.૧૪ના સકલ સંઘના ભાઈ બહેનોને સ્વહાથથી દેરાસરની સાફ સફાઈ કરવામાં મહેનત કરી.


શ્રી શાંતિનાથાય નમો નમઃ

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ આયોજીત સમુહલગ્ન - ૨૦૧૪**

સમુહલગ્ન કચ્છમાં સમુહલગ્નમાં જોડાવવા તા. ૧૪.૧૨.૧૪ના વ્યક્તિઓને ઈચ્છુક ફોર્મ વહેલી તકે મેળવી લેવા વિનંતી.

સંપર્ક : પ્રબોધ મુનવર (ભુજ) ૯૯૨૫૧૬૯૮૭૬, ગોવિંદજી પટેલ : ૯૮૨૦૫૪૦૯૪૯, કિરણ દંડ : ૯૮૩૩૮૦૮૨૪૪, વિરેન્દ્ર લોડાયા : ૯૮૨૧૦૭૩૮૩૦, ગુલાબ દંડ (અમદાવાદ) : ૯૮૨૪૦૯૭૦૭૮, ચંદ્રેશ છેડા (રાયપુર) ૯૪૨૫૨૧૩૫૪૦, શાંતિલાલ લોડાયા (વડોદરા) : ૯૮૨૪૦૧૨૯૭૧, અરવિંદ લોડાયા (ગાંધીધામ) : ૯૮૨૫૬૩૪૬૪૯, લક્ષ્મીચંદ દંડ (ખંડવા) : ૯૯૭૭૫૫૦૧૧૦.

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ, લી. કીરણ દંડ - પ્રબોધ મુનવર**

**અમારા ઘેર હોય પ્રસંગ તેમજ ઉજવીએ આપનો પ્રસંગ : જરૂરથી લાભ લેજો.**

## ભૂ.પૂ. ઈનકમ ટેક્સ કમિશ્નર શ્રી તિલકચંદ લોડાયાના લેખોનું ટોચના કન્નડ છાપા વિજયવાણીમાં પ્રકાશન શરૂ



સાડાસાત લાખના ફેલાવાવાળા ટોચના કન્નડ છાપા વિજયવાણીમાં કે.ડી.ઓ. થિંક ટેંક તરીકે પ્રખ્યાત ભૂ.પૂ. ઈનકમ ટેક્સ કમિશ્નર શ્રી તિલકચંદ લોડાયા - ચેન્નઈના લેખો કન્નડ રુપાંતર રુપે ગુરૂવાર તા. ૧૯.૬.૧૪ થી પ્રકાશિત થવાના શરૂ થઈ ગયા છે.

શ્રી તિલકભાઈ પ્રકાશ સમીક્ષા સમિતિના સભ્ય અને તેના સ્ટાર રાઈટર્સ પણ છે. તિલકભાઈના લેખોમાં સુક્ષ્મ અવલોકન શક્તિ, જીવનના ખાટા- મિઠા અનુભવોમાંથી યોગ્ય નિચોડ કાઢવાની કુશળતા, નાના - મોટા - ખાસ કરીને યુવાનો સાથે સંવાદ સાધવાની તત્પરતા છલકાય છે. જે તેમના લેખોને રસપ્રદ, ગંભીર છતાં વાંચવા ગમે તેવા બનાવે છે. પ્રકાશ સમીક્ષા સમિતિ તેમને આ નવી ઉપલબ્ધિ માટે અભિનંદન આપતા વધુ પ્રગતિની કામના કરે છે.

## શ્રી અરિહંત કો. બેંક લી. વાર્ષિક સભા

શ્રી અરીહંત કો. બેંક લી.ની. ૩૧મી વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૨ ઓગસ્ટ ૨૦૧૪ના મહાકવિ કાલિદાસ હોલ, પરૂષોત્તમ ખેરાજ રોડ, મુલુંડ (વે), મુંબઈ મધ્યે મળશે, એમ ચેરમેન શ્રી મહેન્દ્ર દેવજી ખોનાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## અનંત છાયા રીવ્યુ પીટીશન

નામદાર હાયકોર્ટના તા. ૨.૭.૧૩ના અનંત છાયા વેચાણ બાબતના ચુકાદા અંગે ચંદ્રસેન મોમાયાએ દાખલ કરેલ રીવ્યુ પીટીશનની પ્રાથમિક સુનાવણી તા. ૨૭.૬.૨૦૧૪ના નામદાર ન્યાયાધિશ શ્રી નિતીન જામદાર સમક્ષ થયેલ. હવે તેની આખરી સુનાવણી માટેની તા. ૧૦ મી જુલાઈ ૨૦૧૪ નિયત થઈ છે.


શુભેચ્છાઓ સહ...

**સાંધવ રત્ન**

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**

શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર

(રંગપુર-કોઈમ્બતુર)



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા ®

**તન મન**

ટુર એન્ડ ટ્રાવેલ્સ

**9323360708/25903514-5-6**

tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


**જ્ઞાતિના વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓ** વિવિધ પરીક્ષામાં સારા પરિણામ લાવ્યા એ ખુશીની વાત છે. એ સૌને ઉજ્જવળ કારકિર્દીની હાર્દિક શુભેચ્છા.

- તન-મન પરિવાર


શિખરજીની એકમાત્ર અને સર્વ પ્રથમ આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત વાતાનુકુલીત હોટલ

SHIKHARJI ™
Continental
MADHUBAN - JHARKHAND
06558-232429

## ૨૦૦ સાધુ - સાધ્વીઓની ઉપવાસ ઝુંબેશ પછી પાલિતાણામાં જીવહિંસા અટકાવવા વિધાનસભામાં ઠરાવ કરાશે - પ્રધાન તારાચંદ છેડાનું આશ્વાસન



પાલિતાણામાં કત્તલખાના બંધ કરવાની માગણી સાથે જૈન સાધુ - સાધ્વીજી અને મુનિઓનાં ઉપવાસી આંદોલનના ચોથા દિવસો તા. ૨૫.૬.૨૦૧૪ના રાજ્ય સરકારના પ્રતિનિધિ તરીકે પાલિતાણા દોડી આવેલા મંત્રી તારાચંદભાઈ છેડા અને સાંસદ મનસુખભાઈ માંડવિયાએ જૈનોના પ્રતિનિધિ મંડળ સાથે બેઠક યોજી પાલિતાણામાં કત્તલખાના બંધ કરાવવા તેમજ જીવહિંસા અટકાવવા વિધાનસભામાં ઠરાવ કરાશે તેવી ખાતરી આપતાં જૈન સાધુ - સાધ્વીજીઓએ પારણા કર્યા હતા.

જૈનોના મહાતીર્થ પાલિતાણામાં ચાર દિવસ સુધી જીવહિંસા અટકાવવા સાધુ - સાધ્વીઓનું ઉપવાસ આંદોલન ચાલી રહ્યું હતું, જેમાં ૯૪ વર્ષના આચાર્ય દોલતસાગર સૂરીશ્વરજી તથા નયનવર્ધન સૂરીશ્વરજી વિગેરે પણ જોડાયા હતા. કુલ ૨૦૦ સાધુ - સાધ્વી ઉપવાસ પર હતા. આ આદોલનના પગલે  રાજકોટ, ભાવનગર, સાવરકુંડલા, વઢવાણ, વાંકાનેર, કચ્છ, મોરબી સહિતના વિસ્તારોમાં જૈનોએ વિવિધ આંદોલન કર્યા હતા.

### ચાલીસગામ સંઘની નવી કારોબારી

તોજેતરમાં નીમાયેલ ચલીસગામ સંઘની નવી કાર્યકારણી આ પ્રમાણે છે : પદાધિકારીઓ: શા. મનીષભાઈ ભવાનજી લોડાયા (કોઠારા) અધ્યક્ષ ૮૮૮૮૬૨૦૪૯૮, શા. નિશાંતભાઈ લાલજી મોમાયા (સાંયરા) ઉપાધ્યક્ષ - ૯૪૨૨૨૮૪૩૭૪, શા. ઈંદ્રેશબાઈ દેવજી પોલડીયા (બાયઠ) માનદમંત્રી - ૭૫૮૮૬૪૭૯૦૩, શા. ધનવંતીબાઈ શિવજી રતાણી (તેરા) ઉપમાનદમંત્રી - ૯૪૨૧૫૧૨૪૭૦.

**સભ્યો** : શા. દિપકભાઈ લક્ષ્મીચંદ લોડાયા (વરાપધર) ૯૪૨૨૭૮૩૦૫૩, શા. કિશોરભાઈ મણીલાલ ધુલ્લા (દલતુંગી) ૯૮૨૨૩૭૧૮૪૩, શા. દલેશભાઈ જયચંદ મોમાયા (સાંયરા) ૯૮૯૦૬૮૦૪૦૦, શા. સંજયભાઈ મણીકાંત પોલડીયા (બાયઠ) - ૯૪૨૨૩૬૧૦૫૭, શા. રાજેશભાઈ વેરશી શિયાળ (ભારૂડિયા) - ૯૪૦૩૯૦૬૪૦૨, શૌ. તિલોત્રમાબેન રાજેન્દ્ર લોડાયા (વારાપધર) ૯૪૨૨૨૨૮૫૬૨, સૌ. જીજ્ઞાબેન પ્રદીપ લોડાયા (સાંયરા) ૯૭૬૪૮૦૮૭૩૩.

### સાંયરા ચેરીટેબલ ટ્રસ્ટ-સાંયરા

ટ્રસ્ટ તરફથી ભારતમાં વસતા સાયરાંવાસી વિધાર્થીઓને અભ્યાસ માટે ફીનો ખર્ચ આપવામાં આવશે, એમ ટ્રસ્ટી શ્રીમતી લીલાવતી વિનોદ મોમાયાએ જણાવ્યું છે. અરજી ફોર્મ માટે સંપર્ક : સાંયરા ચેરીટેબલ ટ્રસ્ટ, વી.આર. મોમાયા એન્ડ કું., આર્મી - નેવી બિલ્ડીંગ- ૧૪૮, મહાત્મા ગાંધી રોડ, મુંબઇ - ૪૦૦૦૦૧. ફોન 022-2844568


**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786

સેમ્પલ પીસનું ક્લીયરન્સ ચાલુ છે

## મોટી ખાવડીના જિનાલયની વર્ષગાંઠ

મોટી ખાવડીના શ્રી ચંદ્રપ્રભ સ્વામીના જિનાલયની વર્ષ ગાંઠ નિમિત્તે શ્રી જૈન શ્વે. મુ. પુ.સં. સંઘ મોટી ખાવડી અઠાર અભિષેક શ્રાવણ સુદ ૫ ને ગુરૂવાર, તા. ૩૧.૦૭.૨૦૧૪ તથા નુતન ધ્વજારોહણ, શ્રાવણ સુદ ૬ને શૂક્રવાર તા. ૧.૮.૧૪ એમ બે દિવસીય મહોત્સવ રાખેલ છે. નુતન ધ્વજાના દિવસો નવકારશી, સ્વામીવાત્સલ્ય તેમજ ચૌવિહાર સંઘ તરફથી રહેશે. આ પ્રસંગે મુંબઈથી જવા માટે ત.ા ૩૦.૭.૧૪ના તેમજ આવવા માટે તા. ૨૮.૧૪ની ટ્રેનની ટિકીટ કુમાર ધવલ મયુર લોડાયા હસ્તે માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર ઘાટકોપર તરફથી આપવામાં આવશે.

દાદાની ધ્વજા પ્રસંગે મોટી ખાવડી આવવા માંગતા ગામવાસીઓએ પોતાના નામ તા. ૩૦.૬.૧૪ સુધી શૈલેન્દ્ર ખોના - મો. ૯૩૨૩૧૭૦૪૭૮, મુકેશ મોતીલાલ લોડાયા - મો. ૯૩૨૨૯૬૫૯૪૭ ને લખાવી દેવા. ઉતારાની સગવડની જરૂરત હોય તો સાથે જણાવવા વિનંતી જેની સગવડ શ્રી સંઘ દ્વારા કરવામાં આવશે. તા. ૩૧.૦૭.૧૪ ના બપોરના તથા સાંજના જમણ માટે નકરા રાખેલ છે. લાભ લેવા ઈચ્છતા પરિવારોએ ટ્રસ્ટીઓના સંપર્ક કરવો.

### અબડાસા S.S.J.J. Group આયોજીત

શિબિરાર્થીઓને કોઠારા સંઘ તરફથી રૂા. ૫૧નું કવર તેમજ નેપકીન પ્રભાવના. સાંયરાગામે લેડીશ મીની પર્સ આપવામાં આવેલ. તા. ૨૮.૫ રાત્રે રાજા કુમારપાળનો વરઘોડો રાખવામાં આવેલ. કુમારપાળ રાજા રૂપે પ્રવિણ હંસરાજ લોડાયા બગીમાં વાજતે ગાજતે આવેલ.

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન યુવક મંડળ - વડોદરા

શ્રી કે.ડી.ઓ. જૈન યુવક મંડળ તરફથી દર વર્ષની જેમ જ્ઞાતિના ભણતા બાળકો માટે ૬૦ ડઝન લોંગબુક / નોટબુક તથા ઉપયોગી શૈક્ષણિક કીટનું વિતરણ દાતાઓના સહયોગથી સંપુર્ણ ફ્રિઓફ ચાર્જ કરવામાં આવ્યું. એમા જ્ઞાતિના ભણતા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર લાભ લીધો.

તા. ૫.૬.૧૪ થી ૧૨ -૬.૧૪ દરમિયાન વિતરણ કાર્ય કુ. સિદ્ધિ નરેન્દ્ર મોમાયા તથા કુ. ડિમ્પલ કમલેશ નાગડા એ કર્યુ.

### ધુલિયા (બોર્ડીંગ)ની સ્કુલનું સારું પરિણામ

શ્રી અચલગચ્છાધિપતિ શ્રીમદ જિનેન્દ્રસાગર સુરિશ્વરજી શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થીગૃહ (બોર્ડીંગ) ધુલિયા સંસ્થા સંચાલિત શ્રીજી ઈંગ્લીશ મિડીયમ સ્કુલ, ધુલિયામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ -૧૪માં ૧૦મામાં અભ્યાસ કરતા સર્વ આઠ વિદ્યાર્થીઓ સારા માર્કે ઉત્તીર્ણ થતાં. સંસ્થાનું પરિણામ ૧૦ ટ્કા આવ્યું છે. ત્રણ વિદ્યાર્થીઓએ ડીસ્ટીક્શન મળેલ છે.

સંસ્થાના અધ્યક્ષા પૂ. યતિશ્રીજી મોતીસાગરજી મહારાજ સાહેબ અને ચેરમેન શ્રી તિલોકચંદભાઈ દંડ મલકાપુર તરફથી સ્કુલ મનેજમેંટ શિક્ષકવૃંદ અને વિદ્યાર્થીઓને અભિનંદન મળ્યા છે. ધુલયિા શહેરમાં આપણી શ્રીજી સ્કુલ ગુણવત્તાશિલ શિક્ષણ આપનારી શાળા તરીકે પ્રસિદ્ધ પામેલ છે.

સ્કુલો પ્રવેશોત્સવ ૧૬ જુન ૨૦૧૪ના આનંદ ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો. પ્રેરણાત્મક અને ઉર્જાપૂર્ણ ઉજવણી પછી ૨૦૧૪ - ૧૫ ના વર્ષમાં ૬૦૦ વિદ્યાર્થિઓએ સ્કુલમાં પ્રવેશ લીધેલ છે.

### સાભાર - સ્વીકાર

**ટહુકો : નિજાનંદ માટે લખાયેલા કાવ્યો તથા લખાણોનો સંગ્રહ**

**ટહુકો** રચયિતા : **માણેકજી કુવરજી દંડ** 'માણેક' ૨૦૧ એ વિજય એપાર્ટમેન્ટ, પ્રભાત કોલોની, યોગાની સામે, સાંતાક્રુઝ (ઈ), મુંબઈ - ૪૦૦૦૫૫, ફોનઃ 09321536772, 9322462867, 65055367.

સહધર્માચારિણી, જીવનના ઘણા વર્ષે વીત્યા તો અનંત નિવાસ, જીવનની નિરર્થકતા - સાર્થકતા વિશે ચિંતન, કુટુંબીજન, જીવન અનુભવ, બોધ જેવા સરળ વિષયો પરના વધુ પડતા ઉર્મિસભર કાવ્યોનો આ સંગ્રહ કવિએ નિજાનંદ માટે રચ્યો તથા તેમના પ્રત્યેની લાગણીમાં તરબોળ સ્વજનોએ પ્રગટ કર્યો છે. તેમના જેવા લાગણીસભર લોકોને આમાંની ઘણી અનુભુતિ પોતાની લાગશે.

# મોડપુરતીર્થ મંડળ નિમિત્તે કરેલા સુકૃતોની અનુમોદના

હાલારનું નજરાણું ચારસો વર્ષથી અધિક પ્રાચીન શ્રી મોડપર તીર્થે ઉજવાયેલા અંજન શલાકા પુનઃ પ્રતિષ્ઠાના મહામહોત્સવે માતુશ્રી સુશીલાબેન કાંતિલાલ કલ્યાણજી ધરમશી સેવક ભરૂડિયા હાલ દાદર મુંબઈવાળાએ કરેલા સુકૃતોની હારમાળાની અંતરથી અનુમોદના.

શ્રી નમસ્કાર મહામંત્રના ૬૮ તીર્થોમાં સ્થાન પામેલા હાલારના પ્રાચીનતમ શ્રી મોડપર તીર્થે શ્રી અંજનશલાકા પુનઃ પ્રતિષ્ઠાના પાવન પ્રસંગે શ્રી આર્ય – કલ્યાણ ગૌતમ ગુણસાગર સૂ.મ.સાની દિવ્ય કૃપાથી તપસ્વી સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગર સુરીશ્વરજી મ.સા.ના. આજ્ઞા આશીર્વાદથી તીર્થ – જીર્ણોદ્ધાર પ્રેરક, સાહિત્ય – દિવાકર પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂ. મ.સા. આદિ મહાત્માઓની નિશ્રામાં, પ.પૂ. સાધ્વી શ્રી વસંત પ્રભાશ્રીજી, મ.સા.ના. સુશિષ્યા પરિવારના પરમોપકારી પ.પૂ.સાશ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા.ની છત્રીસીની અનુમોદનાર્થે પ.પૂ.સાશ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા. ભરૂડિયાના રત્ન પૂ.સા.શ્રી ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા. તથા પૂ.સા.શ્રી વૃતરક્ષિતા શ્રીજી મ.સા.ની. પુણ્યવંતી પ્રેરણાથી માતાશ્રી સુશીલાબેન અને પિતાશ્રી કાન્તિભાઈના અંતર આશિર્વાદથી અ. સૌ. ધર્મપત્ની શ્રી મનીષાબેનના સંપૂર્ણ સાથ સલાહ – સહકાર થી અને ચિ. પ્રિશા તથા ચિ. પ્રથમને માટે ભવિષ્યમાં અનુપમ આદર્શરૂપ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી શિલાસ્થાપનથી લઈ શિખર સુધીના અનેક સૃકૃતોની શ્રૃંખલા સર્જી દીધી છે.

શ્રી સપ્તમ શીલા સ્થાપનનો લાભ, ૪૦૦ વર્ષથી અધિક પ્રાચીન અતિપ્રભાવશાળી શ્રી સુપાર્શ્વનાથ દાદાની પુનઃ પ્રતિષ્ઠાનો લાભ, શ્રી સુપાર્શ્વનાથ દાદાની ધ્વજા – કલશ પ્રતિષ્ઠાનો લાભ, શ્રી પરમાત્માના પ્રથમ દ્વાર ઉદઘાટનનો લાભ, અંજનશલાકા મહા મહોત્સવમાં અંજન માટે સોનાની થાળી, વાટકી અને શલાકા (સળી) નો લાભ, પરમાત્માના માતા – પિતા બનવાનો, કુલ મહત્તરાનો, પ્રભુજીના બેનનો, મંત્રીવરનો, પ્રભુજીના દીક્ષા કલ્યાણકના વરઘોડામાં વરસીદાનનો, ૧૪ સ્વપ્નનો, શ્રી ભરત ચક્રવતી ભોજન મંડપનો, મુંબઈથી મોડપર અને મોડપરથી મુંબઈ સેંકડો સાધર્મિકોને લઈ આવનાર જનાર સંઘપતિનો, અતિથિગૃહના રૂમનો, શ્રી તીર્થ વિકાસ સાધારણ ફંડમાં બે રજતસ્તંભ દાતાનો, અને કુપન યોજનામાં ૨૭ કુપનનો આદિ, અનેક અનેક સુકૃતોની શ્રુંખલા રચી હાલારના ઈતિહાસમાં સુવર્ણાકારે અંકાઈ જાય એવો પ્રેરક ઈતિહાસ રચ્યો છે....

આ મહામહોત્સવમાં સહભાગના તથા તમારા સુકૃતોની અનુમોદનાના અમને સદભાગી બનાવ્યા, તે બદલ અમો અમારી જાતને અને મિત્રતાને ધન્ય માનીએ છીએ સાથે સાથે પરમાત્માને, શાસનદેવોને પ્રાર્થના કરીએ છીએ કે તમારા સુકૃતોની હારમાળા અખંડ બની રહે.

# રાજેશ તારા અશા કરીએ સન્માન







શા. કરીએ સન્માન...
રાજેશ તારા શા કરીએ સન્માન
સેવક ભરૂડીયાના સુપુત્ર
રાજેશ તારા શા કરીએ સન્માન...

સુશીલાબેન કાન્તિભાઈના સુપુત્ર
રાજેશ તારા શા કરીએ સન્માન...

વધારી તેં કુટુંબ - ગામ ગચ્છ - શાસનની શાન
રાજેશ તારા શા કરીએ સન્માન...



શબ્દો નથી, કરવા તારા સુકૃતોના ગુણગાન,
રાજેશ તારા શા કરીએ સન્માન....

તારા હૈયામાં છે દેવ - ગુરૂ - શાસનનું માન
રાજેશ તારા શા કરીએ સન્માન....

શ્રી ''આર્ય - દેવની'' પ્રેરણાથી કર્યા અનેક મુકામ
રાજેશ તારા શા કરીએ સન્માન...

**(લિ. અનુમોદક મિત્ર વર્તુળ)**

- **મીતા સુનીલ મોતા** - દેવપુર
- **શીલા મુકેશ ગડા** - રાયધણજર
- **અમીતા તુષાર ધરમશી** - મોટી ખાવડી
- **સરોજા અશ્વીન લોડાયા** - સાંયરા
- **મમતા યતીન સાવલા** - રાયણ
- **વર્ષા સુધીર ભાનુશાલી** - જખૌ
- **જશોદા યોગેશ ભાનુશાલી** - નાની વમોટી
- **હીના રાજેશ હરીઆ** - સાભરાઈ
- **નિશા કીરીટ ગડા** - રાયધણજર
- **રાજવી જયેશ ખોના** - ગોરખડી
- **સ્નેહા હીરેન લોડાયા** - સાંયરા
- **અર્ચના પરેશ સોની** - દેશલપુર
- **પ્રિયા રાજેશ જેઠવા** - વડાલા
- **આશા અજીત ભાનુશાલી** - નાની વમોટી

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **વીણા દિપક પીર (લોડાયા)** | ૧/સી, ૩૦૨, શંખેશ્વર પામ્સ, કુંભારખાનપાડા, ડોંબિવલી (વે) ૪૨૧૨૦૨ |
| **કાંતા સોમચંદ લોડાયા** | બી/૩૮, શ્રી સતીધામ, પ્લોટ નં. ૧૮૪, ગારોડિયા નગર, પુષ્પાવિહાર હોટલ અને મમતા નર્સીંગ હોમ પાસે, ઘાટકોપર (ઈ), મુંબઈ - ૭૭ |
| **સમીત દિનેશ ખોના** | ૨૨/એ, કુંજ સોસાયટી, હંસાવિલા, અલકાપુરી, વડોદરા - ૩૯૦૦૦૭ |
| **ગૃહેશ મોમાયા** | ૩૨૦૧, સર્વોદય હાઈટસ, બી વિંગ, સર્વોદય નગર, જૈન મંદિર રોડ, મલુંડ (વે), મુંબઈ - ૪૦૦૮૦. |
| **તારા પ્રેમચંદ દૌલત** | ૧/૨, સુફલામ કો.ઓ.હા.સો. માનવ મંદિર સામે, ગરૂ વિદ્યાલય રોડ, જી.આઈ.ડીસી. નવી કોલોની, અંકલેશ્વર, ગુજરાત - ૩૯૩૦૦૨. |
| **કાર્તિક બી. ખોના** | ઈ - ૮૦૩, રાજા રેસીડન્સી દ્વિતીય, ચરવાડા રોડ, પટેલ સમાજ પાસે, બાલીથા, વાપી - ૩૯૬૧૯૧ |
| **લહેરચંદ શિવજી નાગડા** | ૩૦૭/૩૦૮, શિતલનાથ, બી -વીંગ, સુધા પાર્ક, ઘાટકોપર (પુ), મુંબઈ -૭૭. |
| **હીરાચંદ એસ શાહ** | રૂમ નં. ૫૫૨૫, ૧ લે માળે, અમર જ્યોતિ બિલ્ડીંગ પ્લોટ નં. ૨૦૨, આસ.એન નારકાર રોડ, ઓડિયન સિનેમા સામે, ઘાટકોપર (ઈ), મુંબઈ - ૭૫ |
| **વસંત શિવજી પોલડિયા** | ૩૧/૭૬ ઈ, વિમલ નિવાસ, વી.ઓ. રોડ, જૈન મંદિર પાસે, બડગરા - ૬૭૩૧૦૧ |
| **તુષાર ભરત કુમાર લોડાયા** | ફ્લેટ નં. બી/૪, ન્યુ ગિરધર પાર્ક, સંજય એપાર્ટમેન્ટ પાસે, સી. એન. હાઈસ્કુલ સામે, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫. |
| **મણિલાલ ધરમશી** | સી ૧૧૨૩, એ બ્લોક, શોભા તુલીપ, ૨૪મો મેઈન રોડ, જે.પી. નગર, છઠો ફેઝ, બેંગલોર - ૫૬૦૦૭૮ |
| **નરેન્દ્ર ટી શાહ** | ફ્લેટ નં. ૦૦૩, ગ્રાઉન્ડ ફ્લોર, એમ. બી. એમ. રોયલ, ૧૮મો ક્રોસ રોડ, ૧૮ મો મુખ્ય રસ્તો, ગોવરસમા લે આઉટ, જે. પી. નગર, પાંચમો ફેઝ, બેંગલોર - ૫૬૦૦૭૮. |
| **નીતીન જે. લોડાયા** | એ/૧૨, સમ્રાટ કો. ઓ. હા., સો. ૩ જે માળે, વી.પી.રોડ, એસા. એમ. પી. આર. અંગ્રેજી શાળા સામે, મુલુંડ (વે), મુંબઈ - ૪૦૦૦૮૦. |
| **રમેશ શીવજી મૈશેરી** | ૪૦૪, હોરાઈઝન ફ્લોરા, કસ્તુરબા રોડ, બી.પી. ક્રોસ રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૪૦૦૦૮૦. |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **કાંતાબેન સોમચંદ લોડાયા** | 09324402689 | **કાર્તિક બી. ખોના** | 09375979899 |
| **વીણા એસ. ખોના** | 09712916242/ 09687822288 | **હિરાચંદ એસ. શાહ** | 09820147967 / 09322247430 |
| **ગૃહેશ મોમાયા** | 09819111122 | **તુષાર લોડાયા** | 09328211311 |
| **મણિલાલ ધરમશી** | 09611140344/ 09845990531 | **કેતન શાહ** | 09742510001 |
| **નરેન્દ્ર શાહ** | 09900990649 | **રમેશ શીવજી મૈશેરી** | 09833744976 |

**બાયપાસ સર્જરી માટે યોગદાનની અપીલ :** મુળ સેવક ભરુડિયાના અને ડોંબિવલીમાં વસતા જ્ઞાતિના સભ્ય નીલેશ નવીનચંદ્ર ઠાકરશી ધરમશી, જેઓ ૪૯ વરસના છે. તેઓ છેલ્લાં સાત વરસથી હૃદયની તકલીફનો સામનો કરી રહ્યા છે. ડોક્ટરોના મત મુજબ તેમને બાયપાસ સર્જરીની આવશ્યકતા છે. તેના માટે ઓપરેશનનો ખર્ચ આશરે રૂપિયા બે લાખ અને દવાનો ખર્ચ રૂપિયા એક લાખ આવવાનો અંદાજ છે. નિલેશભાઈએ જાહેર વિનંતી કરી છે કે તેમને આ માટે ફૂલ નહીં તો ફૂલની પાંખડીરૂપે મદદ કરીને જ્ઞાતિજનો તેમના ઓપરેશનમાં સહકાર આપે. તેમના બેન્કના ખાતાની વિગતો આ પ્રમાણે છેઃ બેન્ક : કોર્પોરેશન બેન્ક શાખા : ડોંબિવલી (વે), સેવિંગ ખાતા નંબર : 057100101008611 / IFSC કોડ : CORP0000571

**જીવનચક્ર** (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮.૦૨.૧૪ | નાંદેડ | પ્રિયાસ-મનીષા/ચેતન લહેરચંદ જીવાણી | જખૌ | પુત્ર |
| ૧૪.૦૫.૧૪ | અમદાવાદ | અનુશ્રી યામિની/હાર્દિક પરેશ ધરમશી | કોઠારા | પુત્રી |

**સગપણ છુટું થયું**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૦૬.૧૪ | અંકલેશ્વર | મીતેશ નવીનચંદ લોડાયા | લાલા | ૩૦ |
| | જખૌ | મીનાક્ષી દિલીપ ખોના | નલીયા | ૨૬ |

**આંતર જ્ઞાતિય સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૦૬.૧૪ | જામનગર | પ્રતીક જીનેશ લવચંદ મહેતા | ભારવડ (સૌરાષ્ટ્ર) | ૩૦ |
| | મુલુંડ | અદીતી ધનરાજ દેવશી ખોના | નલીયા | ૨૯ |
| ૧૫.૦૬.૧૪ | અમદાવાદ | જશ્મીન રમેશચંદ્ર રતીલાલ શાહ | મગોડી | ૩૨ |
| | અમદાવાદ | છાયા જયેશ ભવાનજી નાગડા | નલીયા | ૨૯ |

**આંતર જ્ઞાતિય લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫.૦૬.૧૪ | યુ.એસ.એ | તનય પ્રવીણ શાહ | દેવપુર | ૩૦ |
| | મુલુંડ | રૂશી સતીષ ભવાનજી નાગડા | તેરા | ૨૭ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૦૬.૧૪ | વરસોવા | ગુણલક્ષ્મી ભવાનજી કુંવરજી મોમાયા | વરાડીયા | ૬૯ |
| ૧૬.૦૬.૧૪ | જોધપુર | શાંતાબાઈ રતનશી શામજી લાપસીયા | દલતુંગી | ૭૪ |
| ૧૮.૦૬.૧૪ | ભાવનગર | વિજયાબેન હેમેન્દ્ર સુધાકર શાહ (લાપસીયા) | નલિયા | ૭૮ |
| ૨૫.૦૬.૧૪ | ડોંબિવલી | હિરેન નલીન પ્રેમજી શિઆલ | જખૌ | ૩૬ |

## MAKE YOUR RELATIONSHIPS MAGICAL

Cont. from Page No. 20

are their best qualities? You could be grateful for their patience, ability to listen, talents, strength, good judgment, wisdom, sense of humour, eyes, smile, or kind heart. You could be grateful for the things you enjoy doing with the person or you can recall a time when the person was there for you and cared for.

After you've spent some time thinking about what you're grateful for about the person, put their photograph in front of you and with a pen and notebook, or on your computer, choose the five things you are the most grateful for. Look at the photograph of the person as you make your list of five things, begin each sentence with the magic words, thank you, address the person by their name and then write what you're grateful for.

For example:

"Thank you, Sanskaar, for always making me laugh." or,

"Thank you, Mom, for supporting me through college."

When you've finished your lists for all three people, continue with this magical practice by taking the photographs with you today and putting them in a place where you can see them . Make an effort to look at the photographs three times during the day and follow the same procedure.

Now you know how to use gratitude's magical power to transform your relationships into Magical Relationships. Expand it to other relationships. The more you can be grateful for the good things in your relationships, the faster every relationship in your life will miraculously change.

Before you go to sleep, take your Magic Rock in one hand and say the magic words, thank you, for the best thing that happened during the day. And see how Your Relationships become MAGICAL RELATIONSHIPS.

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# પુત્રના લક્ષણ પારણામાં.......







૧૯૯૦નાં એ ધોમધખતો ઉનાળો હતો. મારે અને મારી મિત્રએ ઈન્ડિયન રેલ્વે (ટ્રાફીક) સર્વિસીસના પ્રોબેશનર્સ તરીકે તાલીમમાં જવા માટે લખનૌથી દિલ્હી ટ્રેનમાં જવાનું થયું.

અમારા કોચમાં બે સંસદ સભ્યો પણ પ્રવાસ કરી રહ્યા હતા. આ બે નેતાઓ સાથે રિઝર્વેશન વિના જ તેમના ૧૨ કાર્યકરો પણ ડબ્બામાં ચઢી બેઠા હતા અને તેમનો વર્તાવ અતિશય ત્રાસદાયક અને ડરામણો હતો. અમારી બર્થ રિઝર્વ્ડ હતી છતાં પણ આ કાર્યકરોએ અમારી સીટ પડાવી લીધી. અમારે અમારી બેગ પર બેસવું પડયું. આ કાર્યકરો બહુ અશ્લીલ અને તુચ્છાકારજનક કોમેન્ટસ પણ કરતા હતા. અમે ડરના માર્યા કોકડું વાળીને બેસી ગયા હતા પણ ભારે આક્રોશને કારણે અમારું શરીર ધ્રૂજતું હતું. બેફામ રીતે વર્તતા એક ઉન્માદી જૂથ સાથેની એ ભયાનક રાત હતી. અમે અમારું આત્મગૌરવ ગુમાવી બેઠા હતા. એ ડબ્બામાં જાણે બીજા કોઈ પ્રવાસીઓનું અસ્તિત્વ જ ન હતું અને ટીકીટ એકઝામિનર તો કયાંક દેખાયો જ ન હતો.

અમે વહેલી સવારે દિલ્હી પહોંચ્યા. એ ગુંડાઓએ અમારી શારીરિક સતામણી નહોતી કરી એટલું જ. બાકી તેમણે માનસિક રીતે ભાંગી નાખ્યા હતા. મારી મિત્ર તો એટલી ડરી ગઈ હતી કે તેણે આ પછી અમદાવાદમાં ગોઠવાયેલી ટ્રેનીંગમાં આવવાની ના પાડી દીધી અને તે દિલ્હીમાં જ રોકાઈ ગઈ. મારી એક બેચમેટ (હાલ રેલ્વે બોર્ડની એક્ઝિકયુટીવ ડાયરેક્ટર ઉત્પલપર્ણા હઝારીકા) ની કંપની મળી ગઈ એટલે મેં અમદાવાદ જવાનું નક્કી કર્યું. અમને રિઝર્વેશન કરાવવાનો ટાઈમ ન મળ્યો એટલે વેઈટલિસ્ટેડ ટિકીટ સાથે જ અમે અમદાવાદ જવા રાતે ઉપડતી એક ટ્રેન પકડી લીધી.

એ ફર્સ્ટકલાસ કોચના ટીટીઈને મળ્યા એણે કહ્યું કે અમારે રેલ્વેની જ ટ્રેનીંગ માટે અમદાવાદ પહોચવું જ પડે તેમ છે. ટ્રેન ખીચોખીચ ભરેલી હતી પણ ટીટીઈ બહુ નમ્રતાથી અમને એક કૂપેમાં લઈ ગયો. આ કૂપેમાં અમારા બે ભાવિ સહપ્રવાસી પહેલેથી ગોઠવાઈ ચૂકયા હતા.

તેમના સફેદ ખાદીના લિબાસ પરથી જ ખ્યાલ આવી ગયો કે એ બંને રાજકારણીઓ હતા. અમે નેતાઓને જોઈ ગભરાઈ ગયા. પણ ટીટીઈએ અમને હિંમત બંધાવતા કહ્યું, 'એ બંને બહુ શાલીન લોકો છે. આ રૂટ પર નિયમિત આવ-જા કરે છે. તમારે ચિંતા કરવાનું કોઈ કારણ નથી. બે રાજકારણીઓમાંથી એકની વય કદાચ ૪૦થી ૫૦ વર્ષ વચ્ચે હતી. તેમનો ચહેરો બહુ માયાળુ જણાતો હતો. અન્ય નેતાની ઉંમર ૩૦થી વધારે હોય તેવું લાગ્યું. તેઓ ઉષ્માસભર પણ થોડા ગૂઢ સ્વભાવના જણાતા હતા. એ બંને તુરત જ અમારા માટે જગ્યા કરવા સીટના એક ખૂણામાં ખસી ગયા અને લગભગ સંકોચાઈને બેસી ગયા.

અનુસંધાન ૧૬માં પાને

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

To,

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.